વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

# ઘનશ્યામ

૧૦ માર્ચ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯
અંક : ૦૩



૯૨મા પ્રાગટ્ય પર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય ચરણોમાં કોટિ કોટિ વંદન










## દિવ્ય સંત શિબિર : ૨૦૨૪













# ઘનશ્યામ

૧૦ માર્ચ, ૨૦૨૪ ● વર્ષ : ૪૯ ● અંક : ૦૩

# GHANSHYAM

10 March, 2024 • Year : 49 • Edition : 03

## અનુક્રમણિકા...


૦૪ દિવ્યવાણી

૦૬ દિવ્યાનંદનું અવિરત ઝરણું : ગુરુદેવ પ.પૂ. બાપજી

૦૮ સમર્થ થકા સૌનો સ્વીકાર

૧૨ સમર્થ થકા સૌને અનુકૂળ

૧૬ સમર્થ થકા કરે સમાધાન

૨૦ સમર્થ થકા સૌની આગળ સરળ

૨૩ સમર્થ થકા સૌના સ્થાને

૨૬ ગુણવાન થકા ગુણગ્રાહક

૨૯ સમર્થ થકા કરે સૌનો આદર



પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

લેખનકાર્ય : લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ

કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૩૮૨૦૦૭

Visit us : www.smvs.org

Email : magazine@in.smvs.org


કુલ પેજ : ૩૨ + ૪ ટાઈટલ = ૩૬

**ઘરે બેઠા ઑનલાઇન ઘનશ્યામ મેળવવા માટે આપનું નામ, સેન્ટર તથા વૉટ્સએપ નંબર આજે જ વૉટ્સએપ કરો :**


**૯૪૦૮૩૨૦૦૩૬**

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ ‘ઘનશ્યામ’ સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

**‘GTPL-ભક્તિ’ ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**

# દિવ્યવાણી

**તા. ૨૫-૦૧-૨૦૨૪ની ગુરુજીની દિવ્યવાણીમાંથી સંકલિત**



સંતો-ભક્તો સર્વેને શ્રીજીમહારાજના સંકલ્પ સમા પાત્ર બનાવવા માટેનો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો આગ્રહ અદ્ભુત છે ! સૌને તલમાત્ર કસરે રહિત કરવા અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિવાળા પાત્ર કરવા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૨૦૨૪ના નૂતન વર્ષે સમગ્ર સમાજને રોજેરોજ પોતાનું નિજદર્શન લખવાનો આદેશ કર્યો.

અનાદિકાળથી આપણે બીજાની ભૂલો શોધવા-જોવા ટેવાયેલા છીએ. પોતાનું કદી જોયું જ નથી. જેના લીધે સ્થિતિના માર્ગે નડતા દોષ-સ્વભાવોને ટાળવાનો આગ્રહ જાગતો નથી. નિજદર્શન લેખનથી સમાજ પોતાની ભૂલ જોતો થાય, પોતાની ભૂલ પકડતો થાય અને પોતાની ભૂલ સુધારવાનો આગ્રહી થાય તેવા હેતુથી ગુરુજીએ ખૂબ આગ્રહપૂર્વક નિજદર્શન કરવાની અભિરુચિ દર્શાવી છે.

પોતાની ભૂલને ઓળખવી એ પોતાના બળનું કામ નથી. ‘હરિકૃપા જબ હોત હૈ તબ સૂઝત અપના દોષ’ એ ન્યાયે વ્હાલા ગુરુજીએ પોતાની ભૂલ ઓળખાવવા પ્રભુને કગરવાની રીત તા. ૨૫-૧-૨૦૨૪ના રોજ પૂનમની સભામાં શીખવી હતી.

સર્વાંગે સંપૂર્ણ સ્વરૂપ વ્હાલા ગુરુજીને ક્યાં જરૂર છે પ્રાર્થના કરવાની ? પરંતુ પ્રભુને કેવી રીતે કગરાય ? પોતાની ભૂલ સુઝાડવા કેવી કાકલૂદી કરાય ? તેઓએ સાધનિકના સ્થાન પર બેસી પ્રભુની આગળ હળવાફૂલ થઈ જવાનો અલૌકિક રાજમાર્ગ ચીંધ્યો છે. આપણને આપણું અસ્તિત્વ ભૂલી મહારાજને કગરતા નથી આવડતું પરંતુ ગુરુજીએ આ પ્રાર્થના દ્વારા અસ્તિત્વનો પ્રલય કરી મહારાજને કગરવાની અદ્ભુત રીત શીખવી છે. આવો, ફરી એ પ્રાર્થનાનું ચિંતન કરી નિજદર્શનના માર્ગે પ્રયાણ કરીએ. પ્રાર્થનાના શબ્દો છે...

**“પ્રભુ મને કરજો એવો અનુકૂળ,**
**જેથી મને સૂઝે મારી ભૂલ.”**

હે મહારાજ, આજ સુધી હું મારા અહંકારમાં, દેહાભિમાનમાં અટંટ થઈને ફર્યો છું. પરંતુ પ્રભુ ! મને નિરભિમાની, નિરહંકારી કરજો. મને એવો અનુકૂળ કરજો કે હું સૌની આગળ સરળ થઈ શકું. જેમ વાળે તેમ વળી શકું. નિર્મળ થઈ શકું. મારો ગરીબડો સ્વભાવ કરી શકું. કૃપા કરો મહારાજ !! આપને દાસત્વપણું બહુ ગમે છે. મને સૌનો દાસ કરજો. વળી હે મહારાજ, આજ સુધી હું બીજાની જ ભૂલો જોવા-શોધવા ટેવાયેલો છું. બીજાની ભૂલો જોઈને આક્ષેપો મૂક્યા છે. અભાવ-અવગુણ લીધા છે, અબોલા લીધા છે. પરિણામે વિક્ષેપ થયા છે. ઘર-પરિવાર અને સત્સંગમાં મારો આ અહંકારી સ્વભાવ ખૂબ ઝળક્યો છે. પરિણામે જે સત્સંગ સુખદાયી છે ત્યાં પણ હું સુખનો અનુભવ નથી કરી શકતો. હે મહારાજ, મારી પ્રાર્થનાનો સ્વીકાર કરો. નાથ ! મને એવો અનુકૂળ, સરળ કરો કે મને મારી જ ભૂલો દેખાય. મારા દેહાભિમાનને મુકાવવા આપને જે શિક્ષા કરવી પડે તે કરજો પણ મને સીધો કરજો. હું આજ સુધી આડો-અવળો જ ચાલ્યો છું.

વ્હાલા મુક્તો, સૌની આગળ સરળ થઈ જઈએ તે અનુકૂળ થઈને રહ્યા કહેવાય. બીજાને આપણા પ્રત્યે અણગમો થાય તે પ્રતિકૂળ રહ્યા કહેવાય. જો સરળ થઈ જઈએ તો સૌ આપણને ગમાડે, ચાહે. ઘર-કુટુંબ કે પરિવારમાં સરળ થઈને વર્તે તેની શોભા છે. અટંટની કોઈ શોભા નથી. અટંટની જોડે રહેવા કોઈ



નિજદર્શન એ નિષ્કપટભાવનું પ્રતીક છે.

તૈયાર ન થાય તો ભગવાન કેમ તૈયાર થાય ? માટે સૌની સાથે અનુકૂળ થઈને વર્તીએ. આપણી ભૂલોને શોધીએ.

**"દોષ બીજાને દેતા પે'લાં, હું સમજું મારી ભૂલ;**
**પાપ બધાંએ પ્રગટ કરીને, થઈ જાઉં હળવો ફૂલ."**

હે પ્રભુ, આજ સુધી મેં 'આનો વાંક છે', 'આની ભૂલ છે' આવી રીતે બીજાને જ દોષ દીધો છે. બીજાને દોષિત ઠેરવતા પહેલાં હું મારી ભૂલ ઓળખું. હે પ્રભુ, કદાચ મને મારી ભૂલ ઓળખાય તોય અન્યની આગળ, મોટાપુરુષ આગળ કે આપની આગળ નિષ્કપટ થઈ હું ભૂલની કબૂલાત નથી કરી શકતો. પરંતુ મારી જાત આગળ તો કબૂલ કરું !! મને એવું બળ આપો. હું નિષ્કપટભાવે મારી ભૂલોની કબૂલાત તથા એકરાર કરી હળવો ફૂલ બની શકું એવી દયા કરો.

વ્હાલા મુક્તો, જ્યાં સુધી કરેલી ભૂલોનો બોજ માથા પર હોય ત્યાં સુધી ભાર ભાર રહ્યા કરે. કૉન્શન્સ બાઈટ (અપરાધી ભાવના) થયા કરે. માટે ભૂલની કબૂલાત કરી નિર્દોષ થઈ જવું. એ માટે રોજ નિજદર્શન કરી પોતાની જાત આગળ નિષ્કપટ થઈ જવું. નિજદર્શન એ નિષ્કપટભાવનું પ્રતીક છે.

**"પક્ષાતીત થઈ ફરું જગતમાં, સહેજે રહું સમતુલ;**
**પરમારથમાં પ્રીતિ વાધે, ને પરધન સમજું ધૂલ."**

હે મહારાજ, આજ સુધી મેં કેવા પક્ષપાત કર્યા છે !! આ સારો, આ નરસો; આ વ્હાલો, આ દવલો; આ બરાબર, આ બરાબર નહીં. હે મહારાજ ! હું પક્ષાતીત થઈ શકું, બધાને સમદૃષ્ટિએ જોતા શીખું, બધાને વ્હાલા કરી શકું. પક્ષે કરીને મેં કેટલાને અન્યાય કર્યો છે. દયાળુ, દયા કરો મારી ઉપર. મારાથી કોઈને અન્યાય ન થઈ જાય.

હે મહારાજ, હું સદાય પરમારથનાં કાર્યો જ કરું, બીજાનું ભલું જ ઈચ્છું, ભલું જ કરું, મારાથી કોઈનું અહિત ન થઈ જાય. કોઈ દુભાઈ ન જાય. વળી, હે કરુણાનિકેતન ! પારકું ધન મને ધૂળ સમાન લાગે. કોઈ દિવસ કોઈનું પડાવી લેવું-પચાવી લેવું એવી મારી ખોરી દાનત ન બને ! કદી હું અનીતિ-અધર્મ અને અપ્રામાણિકતાના માર્ગે ન ચાલું એવી કૃપા કરજો મહારાજ.

**"જૂઠ ભર્યું ના જીવન જીવું, ભલે સંપત્તિ મળતી વિપુલ;**
**સત્પુરુષના સત્સંગમાં, મારું મનડું રાખજે ડૂલ."**

હે મહારાજ, એક આદર્શ ભક્તનું જીવન કેવું હોય ! એ આ પ્રાર્થનામાં આપની પાસે માગ્યું છે. પ્રભુ, મને આવો આદર્શ ભક્ત કરજો. હે મહારાજ, સંપત્તિ માટે, પૈસા માટે, દ્રવ્ય માટે, આ લોકની લાલસા માટે હું કદી ખોટું ન કરું, જૂઠું ન બોલું, કોઈને છેતરવાનો પ્રયત્ન ન કરું એવી દિવ્યબુદ્ધિનો યોગ આપજો.

અઢળક સંપત્તિ મળતી હોય તોય નથી જોઈતી એવી સંપત્તિ જે આપનો રાજીપો ન લેવા દે. મને એવી કરોડોની સંપત્તિ મળતી હોય તોય ધૂળ સમાન મનાય એવી કૃપા કરજો. પ્રભુ ! આપ બધું જ જુઓ છો છતાં હું લોકોથી ડરું છું પણ આપનો ડર નથી રહેતો. પરંતુ હું આપનો ડર રાખું એવો પ્રગટભાવ ને અંતર્યામીપણું દૃઢ કરાવજો. આવું ક્યારે બને ? તો,

હે મહારાજ ! આપના સત્પુરુષના સંગમાં, સંતોના સંગમાં નિરંતર રહું કે જેથી મને બ્રેક વાગ્યા કરે. શું થાય ? શું ન થાય ? શું કરાય ? શું ન કરાય ? એનો મને વિવેક રહે. મહારાજ, આપનું શોભે તેવું મારું જીવન બને એવી કૃપા કરજો. હું સત્સંગી છું પરંતુ ઘણી વખત કુસંગીના જેવી રીત થઈ જાય છે. એમાંથી ઊગરવાનો એક જ ઉપાય છે – નિરંતર સત્સંગનો યોગ. જેથી મારી સદ્બુદ્ધિ રહે, કદી કુબુદ્ધિ ન સૂઝે. આવો જોગ મારાથી છૂટી ન જાય એવી કૃપા કરજો.

**"કામ ક્રોધ મદ મત્સરના, વાગે ન જરીએ ત્રિશૂલ;**
**અંતરજામી અળગા થાતા, બનું બહુ વ્યાકુલ."**

હે મહારાજ, તમે મારાથી દૂર થઈ જાવ, છેટા થઈ જાવ, ભુલાઈ જાવ, વિસરાઈ જાવ તો હું અતિ વ્યાકુળ બની જઉં કે, અરરર... હું ભગવાનને ભૂલી ગયો ? અરરર... હું સત્સંગ અને સભાને ભૂલી ગયો !! અર્થાત્ હું ક્યારેય આપને છોડું નહીં. સ્મૃતિપટ પરથી આપની સ્મૃતિ કદી ભુલાય નહીં. પ્રભુ, પ્રતિલોમભાવ મારો કદી હટે નહિ, ટળે નહીં. હરતાં-ફરતાં, ખાતાં-પીતાં સર્વે ક્રિયામાં આપને કર્તા બનાવીને, આપ જ કરો છો એ ભાવે વર્તી શકું. પ્રભુ ! આપની મૂર્તિમાં રાખ્યાનું અનુસંધાન હું ક્યારેય ભૂલું નહિ એવી કૃપા કરજો.

**"અતિ દયાળુ દયા કરો, હું માગું એક જ મૂલ;**
**હરિવર તવ મૂર્તિમાંહી, રહું સદાયે ડૂલ."**

હે મહારાજ, આપની પાસે એક જ મૂલ્યવાન વસ્તુ માગું છું. આશા રાખું છું આપ અતિ દયાળુ સ્વરૂપ છો. મારી આશાને પૂરી કરશો જ. હે ઈશ્વર ! આપની મૂર્તિમાં હું અખંડ રહેતા શીખું, મૂર્તિમાં લીન થઈને રહેતા શીખું, મારા અસ્તિત્વનો પ્રલય કરીને વર્તું. બસ, મહારાજ... મહારાજ... મહારાજ જ રહે. હું આજ સુધી મારું અસ્તિત્વ રાખીને ફુલાતો ફર્યો છું પ્રભુ ! હું ઊપસવાના ભાવમાં જ રહ્યો છું. જ્યાં જઉં ત્યાં મને ઊપસવાની જ ઈચ્છાઓ જાગી છે. મારું નામ ક્યાં બોલાય ? મારો વટ ક્યાં પડે ? પરંતુ પ્રભુ, હું આપની મૂર્તિમાં લય પામીને, અહમ્-મમત્વનો ત્યાગ કરીને, 'હું'પદને છોડીને આપના પદમાં, હરિપદમાં જીવી શકું. આપની મૂર્તિમાં મસ્ત બનીને રહું. મૂર્તિનો દીવાનો થઈને રહું, મૂર્તિનો સુખભોક્તા થઈને રહું એવી મારી પર અનરાધાર કૃપા વરસાવો, વ્હાલા, કૃપા વરસાવો.

જેટલા આગ્રહથી વ્હાલા ગુરુજીએ આ પ્રાર્થના કરાવી છે એટલા જ આગ્રહ સાથે, પોતાની ભૂલને ઓળખવાના આગ્રહ સાથે આ પ્રાર્થનાનું આર્તનાદે ફરી ગાન કરીએ. મહારાજ આગળ ભૂલોની કબૂલાત કરીએ તો અંતર કૂણું માખણ જેવું થઈ જાય. ભૂલોનો ભાર ટળી જાય ! નિર્દોષ થઈ જવાય. આજ સુધી બીજાની જ ભૂલો જોઈ છે. આ પ્રાર્થનાના સતત અભ્યાસથી સ્વની ભૂલને ઓળખવાના-સુધારવાના પ્રયત્નો તરફ આગળ વધાશે અને અનાદિમુક્તની સ્થિતિની યાત્રાનું અંતર કપાતું જશે.

**ભૂલની કબૂલાત એ હળવાફૂલ થવાનો એકમાત્ર ઉપાય છે.**



# દિવ્યાનંદનું અવિરત ઝરણું
# ગુરુદેવ પ.પૂ. બાપજી

ગુરુદેવ પ.પૂ. બાપજીનો દિવ્ય સંગ એટલે
અહોદમ્... આનંદમ્... સુખદમ્...
તેઓની ચેષ્ટા, કરનાં લટકાં,
એમની અમૃત ઝરતી વાણી,
એમનું નિર્દોષ હાસ્ય,
એમની દિવ્ય ચાલ,
એમનાં અનંત ચરિત્રો...
જે નિહાળતાં દુઃખમાત્ર ટળે.
એમાંય તેઓ
પ્રેમાળ હસ્તથી ધબ્બો આપતા,
માથે સ્નેહાળ હસ્ત પ્રસરાવતા,
હાથમાં તાલી દેતા અને લેતા,
સદાય તેઓના હસતા મુખદર્શનથી
મુમુક્ષુજનોનાં હૈયાં આનંદથી છલકી ઊઠે.



અમૃતના ઝાડમાં બધું અમૃત જ હોય તેમ ગુરુદેવ પ.પૂ. બાપજીનું સર્વ કાંઈ સુખદાયી હતું. કારણ, તેઓ આનંદદાયી સ્વરૂપ હતા. આ પરભાવમાંથી વહેતા દિવ્યાનંદના ઝરણામાંથી અનેક મુમુક્ષુઓની તૃષા છીપતી.

આવા અવિરત આનંદનું રહસ્ય શું ?? તો ગુરુદેવ પ.પૂ. બાપજીની શ્રીહરિ સંગે એકાત્મતા, તદ્રૂપતા, તન્મયતા, રસબસતા...

આ સર્વ દિવ્યાનંદનો સ્રોત એટલે સ્વયં શ્રીહરિ. શ્રીહરિની મૂર્તિમાં લેલીન એવા ગુરુદેવ પ.પૂ. બાપજી તો દિવ્યાનંદનું વહેતું ઝરણું હતા. આ જ એ દિવ્યપુરુષની આગવી પ્રતિભા હતી. અવરભાવની કોઈ વિકટ પરિસ્થિતિઓમાં પણ જેમનો આનંદ અસ્ખલિત અને અવિરત રહે, જેની અલમસ્તાઈ અને પરભાવી કેફ જરીએ વિચલિત ન થાય તે જ સત્પુરુષનું સત્પુરુષપણું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની સિદ્ધાંતયાત્રા તરફ એક ઝાંખી કરીએ તોય રૂંવાડાં ખડાં થઈ જાય. આ યાત્રામાં નર્યા દુ:ખના ડુંગરો અને કષ્ટોભરી કાંટાળી કેડીઓ જ ભાસે. જેના પર ચાલવા છતાંય ગુરુદેવ પ.પૂ. બાપજીની સિદ્ધાંતોની ખુમારી, હિંમત, અલમસ્તાઈ, સ્થિતપ્રજ્ઞતાની સાતત્યતા અજોડ અને બેનમૂન હતી. એમના દિવ્યાનંદનું અવિરતપણું ખરેખર આશ્ચર્યકારી હતું. આજે પણ એ જ ઝરણું ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી દ્વારા અનંતાનંત જીવોની તૃષા છિપાવી રહ્યું છે. આ દિવ્યાનંદની અખંડિતતાનું અવરભાવી રહસ્ય શું ? તો બંને દિવ્યપુરુષોએ નિજીજીવનમાં કેટલાક અધ્યાત્મ છતાંય વ્યવહારિકતાને સરળ અને સુગમ બનાવે તેવા કલ્યાણકારી ગુણોને ધારણ કર્યા છે. આ વિશેષાંકમાં તેઓના આવા દિવ્ય સદ્‌ગુણોની ઝાંખી કરાવવાનો અલ્પ પ્રયાસ કર્યો છે.

આ દિવ્યપુરુષોના મહિમાગાનમાત્રથી સંતોષ અનુભવવો એ ખરું શિષ્યત્વ નથી પરંતુ તેઓના ચીલે ચાલી, તેઓના દિવ્ય સદ્‌ગુણોને સ્વજીવનમાં ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ બનવું તે જ તેઓના શિષ્યત્વને શોભાડ્યું કહેવાશે. માટે આવો, એમના સમ આપણે પણ કાયમી દિવ્યાનંદમાં રાચતા થવા તેઓના ચીંધેલા રાહે ચાલીએ.





# સમર્થ થકા સૌનો સ્વીકાર

પ્રભુ ઇચ્છાથી જે પરિસ્થિતિ, સંજોગ, દેહનું દુઃખ આવે તેને સ્વીકારી લેવું તે સ્વીકૃતિ છે. પરંતુ અસહાયતાથી, કોઈ વિકલ્પ જ ન હોય એવી પરિસ્થિતિ, સંજોગ, દેહના દુઃખને સ્વીકારવું એ મજબૂરી છે, લાચારી છે.

પરંતુ મહારાજ અને મોટાપુરુષોના જીવનમાં સ્વીકૃતિની વિભાવનાને ખૂબ બૃહત સ્થાન મળ્યું છે. પરિસ્થિતિને પલટો આપવા સમર્થ હોવા છતાંય રાજી થકા સ્વીકારી લેવી; અનેકના દેહના દુઃખને નાશ કરવા સમર્થ હોવા છતાંય પોતે સહજતાથી મંદવાડ લીલા સ્વીકારી લેવી; તેઓના સિદ્ધાંતો-આદર્શોને સમતોલ એક પણ લક્ષણ સામેના પાત્રમાં ન જણાતું હોય તોપણ તેનો સહર્ષ સ્વીકાર કરી લેવો. આ જ ખરી સ્વીકૃતિ છે.

આપણે સૌ સંત-હરિભક્ત સમાજ પણ તેઓના આ સ્વીકૃતિના ગુણને લીધે જ ફાવી ગયા છીએ.

એક યુવકમુક્ત ઘણી વખત ગુરુદેવ પ.પૂ. બાપજીની ગાડી ચલાવવાની સેવા કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજી તેઓની સેવાનો સહર્ષ સ્વીકાર કરતા. પરંતુ યુવકમુક્તનું જીવન સત્સંગના ધારા-ધોરણને તથા ગુરુદેવ પ.પૂ. બાપજીના નિકટના મુક્ત તરીકે છાજે એવું ન હતું. તેઓના જીવનથી પરિચિત હરિભક્તોને ગુરુદેવ પ.પૂ. બાપજીને વિષે સંકલ્પો થતા કે, 'સમાજમાં કેટલાય સારા યુવકો છે, તો બાપજી આવાને કેમ જોડે રાખતા હશે ?' એમાંના એક હરિભક્તે તો ગુરુદેવ પ.પૂ. બાપજીને સામે જ કહ્યું, "દયાળુ, આપ આ યુવકને જોડે રાખો છો, તેમની ગાડીમાં બિરાજો છો પરંતુ તેમનું જીવન જાણો છો ? તેમનું જીવન સત્સંગમાં શોભે એવું નથી તો આવા મુક્તને તમે કેમ જોડે રાખો છો ?" ત્યારે તરત ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "મહારાજ અને મોટાપુરુષ તો અધમ ઉદ્ધારણ છે. જો શ્રીજીમહારાજે લુટારા જોબનપગીનો સ્વીકાર ન કર્યો હોત તો આજે તેઓ લુટારા મટી જોબન ભગત ન બન્યા હોત. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ વાલેરા વરુને પ્રેમ ન આપ્યો હોત તો એ લુટારો ન મટ્યો હોત. અમે પણ તે યુવકનું જીવન જાણીએ છીએ પણ નિકટ રાખીશું તો તેમનું જીવન સુધરશે ને !" ગુરુદેવ પ.પૂ. બાપજીની સચોટ વાત હરિભક્તને ગળે ઊતરી ગઈ અને ગુરુદેવ પ.પૂ. બાપજીની માફી માગી. તેઓ મનોમન ગુરુદેવને વંદી રહ્યા કે ખરેખર દેહધારી જીવ જેની સામે પણ ન જુએ એને આ દેહાતીત સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી નિકટ સેવામાં રાખે; કેવળ પરહિત માટે.

આ તો એક યુવકમુક્તની વાત થઈ. સ્વજીવનને તપાસીએ તો સત્સંગ પૂર્વે આપણે પણ કેવા હતા ! સત્સંગમાં આવ્યા પછી પણ એવા કેટલાય સ્વભાવો-દોષો, રીત-રસમ હશે જે મહારાજ અને મોટાના ગમતા બહારની હશે છતાંય એ દિવ્યપુરુષોએ આપણો સહર્ષ સ્વીકાર કર્યો છે. એટલું જ નહિ, પોતાના કરી દીધા છે. તો આપણે પણ મહારાજ અને મોટાના ચીલે ચાલીએ. ઘર-પરિવારમાં જે સભ્યો હોય, સત્સંગમાં કે નોકરી-ધંધામાં જેમની સાથે સેવા કે વ્યવહાર કરવાના થતા હોય તેવા સર્વે મુક્તોનો હસતા મુખે સ્વીકાર કરીએ તો જીવનમાં કોઈ ફરિયાદ નહિ રહે અને આનંદમય જીવન જીવાશે.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજી એવી સમર્થ પાર્ટી છે કે અનંતાનંતના દેહના રોગને સંકલ્પ માત્રે મટાડી દે પરંતુ પોતે અવરભાવમાં કોઈ પણ મંદવાડ લીલા સહેજે સ્વીકારી લે.

ઘણાં વર્ષો પૂર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીનું વિચરણ સુરત ખાતે ગોઠવાયેલું. સુરત જવાના થોડા દિવસ પૂર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીએ મંદવાડ લીલા ગ્રહણ કરેલી. તેથી સેવક સંતો તથા સુરતના હરિભક્તોએ પ્રાર્થના કરી, "દયાળુ, વાસણાથી સુરતનો રસ્તો લાંબો છે. આપનું સ્વાસ્થ્ય નાદુરસ્ત છે તો આપના વિચરણની તારીખ બદલીએ." પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સર્વેની પ્રાર્થનાનો અસ્વીકાર કરી કહ્યું, "મહારાજ ત્યાં સુધીમાં તો સારું કરી દેશે." એ વખતે હજુ સુરત ખાતે સંસ્થાનું એક પણ મંદિર નિર્માણ નહોતું પામ્યું. તેથી પ.ભ. શ્રી નાગજીબાપાના ફાર્મ પર ગુરુદેવ પ.પૂ. બાપજીનો ઉતારો હતો. નાગજીબાપાને પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના નાદુરસ્ત સ્વાસ્થ્યની જાણ હતી તેથી અગાઉથી ઈલેક્ટ્રિશયનને બોલાવી એ.સી. રિપેર કરાવી દીધેલું.

ગુરુદેવ પ.પૂ. બાપજી સુરત પધાર્યા. સુરતના વિસ્તારોમાં વિચરણ કરી ફાર્મ પર પધાર્યા. રાત્રે ઠાકોરજી જમાડી, ચેષ્ટા કરી બધા શયન માટે પધાર્યા. હજુ ગુરુદેવ પ.પૂ. બાપજી પથારીમાં પોઢવા આડા પડખે થયા ત્યાં એ.સી. બંધ થઈ ગયું. ઓરડો બંધિયાર હતો અને ત્યાં પંખાની વ્યવસ્થા પણ ન હતી તેથી પૂ. સંતોએ એરકૂલરની વ્યવસ્થા કરી.

પરંતુ થોડી વારમાં તો ગુરુદેવ પ.પૂ. બાપજી પથારીમાંથી ઊભા થઈ ગયા. અવરભાવમાં જાણે શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તેવી લીલા ગ્રહણ કરી. પૂ. સંતોએ ગુરુદેવ બાપજીને રૂમની બહાર બગીચામાં લાવી બિરાજમાન કર્યા. હૃદયમાં અસહ્ય દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવા છતાંય થોડી થોડી વારે ગુરુદેવના મુખ પર નિર્દોષ હાસ્યનાં દર્શન થાય. બોલી શકાય તેવી સ્થિતિ ન હોવા છતાં જોડેવાળા ગભરાઈ ન જાય તેથી આનંદ કરાવે. આવી પરિસ્થિતિનાં દર્શન કરનારને સહેજે પ્રતીતિ થાય કે રોગ એનું કામ કરે છે પણ ગુરુદેવ પ.પૂ. બાપજીને તેની કોઈ સ્પૃહા નથી. પોતે તો એ જ

**મહારાજ અને મોટાની સ્વીકૃતિના અંગમાં આપણે ફાવી ગયા છીએ.**

અલમસ્તાઈમાં છે. નથી વીલું મુખ થયું કે નથી મુખ પર દુઃખની રેખા ઊપસી.

થોડી વાર સૌ સંત-હરિભક્તોની સેવા ગ્રહણ કરી સ્વતઃ બોલી ઊઠ્યા, "હવે મહારાજની દયાથી સારું છે. બધા પોઢી જાવ." એટલામાં ડૉ. અશોકભાઈ તેજાણી આવ્યા. તાત્કાલિક ઑક્સિજન ચાલુ કર્યો, બી.પી. ચેક કર્યું તો ખૂબ વધી ગયેલું. રાત્રે સંતો-ભક્તોએ નક્કી કર્યું કે આવતી કાલની શિબિર રદ કરી દઈએ અને વાસણા જતા રહીએ. પરંતુ બીજે દિવસે સવારે સૌથી પહેલાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઊઠી સ્નાન-પૂજાદિકથી પરવારી સૌને કહ્યું, "આપણે સભામાં જવાનું છે." સૌ સંતો-ભક્તોએ ખૂબ પ્રાર્થના કરી, "બાપજી, આવી હાલતમાં સભામાં ન જવાય." ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "આપણે જઈએ તો ખરા. જોડેવાળા સંતો સભા કરશે." ગુરુદેવ પ.પૂ. બાપજીએ શિબિરમાં પધાર્યા કે તરત 'લાવો માઈક' એમ કહી જાણે ૭-૮ કલાક પૂર્વે કંઈ બન્યું જ ન હોય તેવા સ્વસ્થ થકા ખૂબ રજમાથી બેથી અઢી કલાક શ્રીહરિના સર્વોપરી મહિમાનું આકંઠપાન સૌને કરાવ્યું.

એ દિવ્ય સ્વરૂપ કેવા દેહાતીત છે !! જેમણે અવરભાવના રોગની એટલી હદ સુધી સ્વીકૃતિ કરી લીધી કે તે રોગની તીવ્રતા પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્યાનંદને ખંડિત નહોતી કરી શકતી. જ્યારે આપણે તો દેહમાં સહેજ કોઈ રોગ આવે તો ઊંચા-નીચા થઈ જઈએ અને બધાને કરી મૂકીએ. ત્યારે ચાલો ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાંથી પ્રેરણા લઈએ કે મહારાજે જ્યારે, જે સમયે, જે દેહના રોગની પ્રસાદી આપી હોય તેને સ્વીકારી લઈએ. તેને ટાળવા કદી સકામ ન થઈએ કે દુઃખને જોઈ દુઃખી ન થઈ જઈએ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવનમાં સૌથી મોટી સ્વીકૃતિ કરી હોય તો સ્વયંના સતત ચાલતા વિચરણના ભીડાની સ્વીકૃતિ. જેમ પવનને વિસામો ન હોય, નદીના નીરને કદી વિરામ ન હોય, દરિયાના મોજાંને કદી રજા ન હોય તેમ ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવનમાં એક રજા રાખી નથી. સવારે એક સ્થળે તો સાંજે બીજા સ્થળે. જોડે આવનાર હરિભક્ત તો માત્ર બે જ દિવસમાં થાકીને લોથ થઈ જાય.

એક વખત વડોદરાના એક હરિભક્ત દિવાળીના દિવસોમાં ગુરુદેવ પ.પૂ. બાપજીનો લાભ લેવા આવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા ખાતે દિવાળીના ચોપડાપૂજનનો લાભ આપી વીરપુર પધાર્યા. સાંજે વાસણા પધાર્યા. આ હરિભક્ત પણ સાથે જ હતા. બીજે દિવસે નૂતન વર્ષે સવારે ૪ વાગ્યા પૂર્વે સ્નાનાદિક ક્રિયા તથા પૂજાથી પરવારી નરોડા, ઈસનપુર, ઘનશ્યામનગર, વાસણા, પંચમહાલ તથા સ્વામિનારાયણ ધામ આટલા સેન્ટરોમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની જોડે હરિભક્ત વિચરણમાં ગયા. વાસણા પરત આવતાં રાત્રિના ૯:૩૦ થયા. આગલા દિવસે સરખી ઊંઘ નહોતી થઈ. વળી, આજે સવારે ૪:૦૦થી રાત્રિના ૯:૩૦ સુધી સતત વિચરણના લીધે હરિભક્ત તો થાકીને લોથ થઈ ગયા. રાત્રે ઠાકોરજી જમાડ્યા વગર જ સીધા પોઢી ગયા. બીજા દિવસે સવારે આ હરિભક્ત મંગળા આરતીમાં, શણગાર આરતીમાં તથા કથામાં ન દેખાયા તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ જોડેના સંતને કહ્યું, "સ્વામી, પેલા ભગત સવારના ક્યાંય દેખાતા નથી તો જાવ શોધી આવો. આમ તો કહ્યા વગર કદી જાય નહિ પણ એ ક્યાં હશે ?"

ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી પૂ. સંત તે હરિભક્તને શોધવા ગયા તો ન મળ્યા અને ૧૧ વાગ્યાની રાજભોગ આરતીમાં આવ્યા. ત્યારે પૂ. સંતોએ પૂછ્યું તો તેઓએ કહ્યું કે, "સ્વામી, ઠંડી ખૂબ હતી અને થાક પણ લાગ્યો હતો. વળી, કોઈ મને ન શોધે માટે ગાદલા મૂકવાની જગ્યામાં સૂઈ, તે અંદરથી બંધ કર્યો હતો." વળી તેઓએ કહ્યું કે, "દયાળુ, બાપજી ખરેખર પરભાવના દિવ્યપુરુષ છે. એમની જોડે બે દિવસમાં તો હું થાકીને લોથ થઈ ગયો. કોઈ ઉઠાડે નહિ તેથી આ ગાદલા મૂકવાની જગ્યામાં સૂઈ ગયો. જ્યારે ગુરુદેવ તો હરિભક્તોને સુખિયા કરવા કાયમી આવું વિચરણ કરે છે ! ખરેખર આવા વિચરણનો ભીડો તો બાપજી જ ખમી શકે."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવન પર્યંત એક રજા રાખી નથી. વિચરણ, સભાઓ, શિબિરો દ્વારા સંત-હરિભક્ત સમાજને ઠાંસી ઠાંસીને સિદ્ધાંતો અને નિયમ-ધર્મથી ભરી દીધો છે. ખરેખર ગુરુદેવના વિચરણનાં દર્શન કરનાર, સાથે રહી અનુભવ કરનારને સહેજે જ તેમના દેહાતીતપણાનાં દર્શન થાય. જોડે જનારા એક-બે દિવસમાં આટલા થાકી જાય જ્યારે એમણે તો કદી રજા રાખી જ નથી.

ગુરુદેવ પ.પૂ. બાપજીના અદના શિષ્ય તરીકે આપણે પણ ઊંઘ-ભૂખ-થાકનો ભીડો સહર્ષ સ્વીકારીએ. ભીડો ખમવા છતાંય ન અકળાઈએ, ન કોઈની સાથે બગાડીએ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવન પર્યંત સમર્થ થકા જરણા કરી છે. દરેક સ્થિતિ-પરિસ્થિતિ, વિચરણનો ભીડો તથા સાથેની જોડને સહજ અને સહર્ષ સ્વીકાર્યા છે. પણ તેઓની ભવ્યતા કેવી ? તો વિરોધીઓએ કરેલી અપરાધી પ્રવૃત્તિને હંમેશાં માટે ભૂલી જઈને તેમને પણ પોતાના આશ્રિત સંત-હરિભક્તની સાથે દિવ્ય આશીર્વાદમાં ફવડાવ્યા. આથી વધુ સ્વીકૃતિની પરાકાષ્ઠા બીજી કઈ હોઈ શકે ?



**સમર્થ થકા જરણા કરવું એ જ સત્પુરુષની મહાનતા.**

સંસ્થાના એક કેન્દ્રમાં નૂતન મંદિર નિર્માણ પામી રહ્યું હતું. મંદિરની આજુબાજુના રહેણાક આવાસોમાં રહેવાસીઓને બિલકુલ રુચ્યું નહીં. તેમને થયું કે મંદિર થશે એટલે બે વખત આરતીના ડંકા વાગશે, મોડી રાત સુધી સભાઓના અવાજ આવશે, ઉત્સવ-મહોત્સવ વખતે તો ખૂબ તકલીફ પડશે. આવું સમજી રહેવાસીઓએ ખૂબ વિરોધો શરૂ કર્યા. મંદિર પર પથ્થરમારો કરે, સેવા કરનારા હરિભક્તોને જેમ તેમ બોલે, ગમે તેમ કરીને આ સ્થાનમાં મંદિર ન બને તેવા પ્રયત્નો કરતા રહ્યા પણ શ્રીહરિના સંકલ્પને રોકનાર કોણ જન્મ્યો છે !! થોડા સમયમાં તો મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાનો પ્રસંગ આવી ગયો.

પ્રતિષ્ઠા વિધિ પૂર્ણ થયા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ દિવ્ય આશીર્વચનોની હેલી વરસાવી : "આજે મહારાજનો પ્રાગટ્ય દિન છે. બાપાશ્રીએ વાતોમાં લખ્યું છે કે, અનાદિમુક્તની સ્થિતિ કરાવવાનો મહારાજનો સંકલ્પ છે. એને કોણ રોકનાર છે ? કારણ કે એ વખતે ઘણો વિરોધ હતો. એમ આ બધું મહારાજના સંકલ્પથી થાય છે. આજે અહીં મહારાજ બિરાજ્યા. મહારાજનો બહુ મોટો સંકલ્પ છે. આપણે બધા જોતા જ હોઈશું. હે મહારાજ ! આ એરિયામાં કોઈને ન ગમતું હોય, કોઈને ન સારું લાગતું હોય, કોઈને વાંધા-વિરોધ હોય તેને કાઢી નાખીને પહેલા નંબરનો એ હરિભક્ત થઈ જાય કારણ કે આ તો કારણ સત્સંગનું મંદિર છે. હે મહારાજ ! આ એરિયાવાળાને ખૂબ ખેંચીને તમારું સ્વરૂપ ઓળખાવજો."

મંદિરનો દ્રોહી એટલે પોતાનો જ દ્રોહી થયો કહેવાય. સ્વયંના દ્રોહીના અપરાધને ગળી જવો, સહન કરી લેવું તે તો બાજુ પર રહ્યું પણ તે પરત્વે ઉદાત્તભાવનાથી આશીર્વાદની હેલી વરસે એ જ દિવ્યપુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજીની આધ્યાત્મિક ઊંડાઈ છે. દેહધારી તો જેવા સાથે તેવા થાય જ્યારે દેહાતીત સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી એમના માટે ઉદાત્તભાવે આશીર્વાદ આપી પરમસ્નેહી બની રહ્યા, કેવળ કરુણા વહાવી. આપણે પણ સ્વજીવનમાં આપણું અહિત કરનાર પ્રત્યે પણ તેનો સ્વીકાર કરી, આવી દયા-કરુણા વહાવીએ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીના વર્તમાન અનુગામી દિવ્યપુરુષ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ ગુરુદેવની પ્રતિકૃતિ છે. ગુરુજીના રોજિંદા જીવનમાં સ્વીકૃતિ એટલી હદ સુધી વણાઈ ગઈ છે કે કોઈ સામાન્ય મનુષ્યને તેનો અહેસાસ પણ ન થાય.

જે મળે, જેવું મળે તેનો સ્વીકાર…

ચાહે ગમે તે વ્યક્તિ, વસ્તુ, સ્થાન કે વાતાવરણ કેમ ન હોય ?

ચાહે જે વિચરણ સ્થળ હોય તે,

ચાહે જે સાથેની જોડ હોય તે,

ચાહે ગમે તે ભોજન હોય કે ગમે તે સુવિધા હોય,

જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેવું તેવું, જે મળ્યું તેનો સહજતાથી સ્વીકાર કરવો તે ગુરુજીને જાણે બરાબર ફાવી ન ગયું હોય !!

આપણી એસ.એમ.વી.એસ. સંસ્થાના એક મંદિરની બાજુમાં રહેતા પાડોશી સત્સંગના ખૂબ વિરોધી. મંદિરમાં માઈકમાં કથાવાર્તા-કીર્તનગાન થાય, આરતીના નગારાંનો અવાજ આવે, સત્સંગના નાના-મોટા પ્રોગ્રામો થાય એ તેઓને ગમે નહીં. એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી સભામાં લાભ આપતા હતા. તેનો અવાજ તેમના ઘર આગળ સંભળાતો હતો. આથી કહેવડાવ્યું કે કથા બંધ કરો નહિતર મારવા આવું છું. ગુરુદેવ બધી પરિસ્થિતિથી વાકેફ થાય એ પહેલાં જ તેઓ તલવાર લઈ મારવા આવી ચડ્યા. પરિસ્થિતિ પારખી ગુરુદેવે કથાને વિરામ આપી દીધો અને સમાધાન કરાવ્યું.

આવા વિરોધી છતાં વ્હાલા ગુરુજીએ તેમને વર્ષો સુધી સાચવ્યા. પ્રસંગોપાત્ત ગુરુજી સ્પેશ્યલ કાળજી રખાવી તેમને પ્રસાદી મોકલતા. સામે ચાલી તેમની સાથે હેત કરતા. ગુરુદેવનો અભાવ ટળાવવા ગુરુજીએ તેમની પર દયા-કરુણા અને કૃપા વાપરી છે.


અવરભાવમાં વ્હાલા ગુરુજી વિદેશ વિચરણમાં પધારવાના હોય તે પૂર્વે તેમને ભલામણ કરતા કે, "અમે વિદેશ જઈએ છીએ. તો તમે અમારી જેમ ઘરધણી થઈ આ સંતોને અને મંદિરને સાચવજો. સંતોને તકલીફ ન પડે એવું કરજો." એટલું જ નહિ, ગુરુજી વિદેશ જઈ તેમને પત્ર લખતા અને કાગળમાં ભલામણ કરતા. જાણે વર્ષોથી સત્સંગના થાંભલા ન હોય ??

ગુરુજીનો પત્ર આવે એટલે તેઓ મંદિરે આવીને સંતો અને હરિભક્તોને ગુરુજીએ મોકલેલો પત્ર બતાવી કહેતા, "જુઓ, સતસ્વામીનો મારી પર પત્ર આવ્યો છે. મંદિર અને સંતોને સાચવવાની ભલામણ કરી છે. સંતો, કાંઈ તકલીફ હોય તો કહેજો."

આમ, દેહધારી તો જે અવળો ચાલે તેને સબક શિખવાડી સીધો કરે. જ્યારે દેહાતીત સ્વરૂપ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અવળા ચાલનારને સ્નેહથી સ્વીકારી તેમની પર પણ કેવળ કરુણા જ વહાવી છે. તેમની પર પણ સત્સંગ સેવાની અપેક્ષા સેવી છે.

ગુરુજીના અદના શિષ્ય તરીકે આપણે પણ ઘર-પરિવાર કે સત્સંગમાં સાથે સેવા બજાવતા હરિભક્તોનો સહર્ષ સ્વીકાર કરીએ. તેઓના સ્વભાવ, રીત-રસમ, પદ્ધતિ સ્વ કરતાં વિપરીત હોય છતાંય મહારાજના મુક્ત છે તે ભાવે સૌની સાથે હળીમળીને રહીએ તો મહારાજ, બાપા, ગુરુદેવ તથા ગુરુજી આપણી પર સદાય રાજી રહેશે.

પરિસ્થિતિ દુઃખી નથી કરતી, પરિસ્થિતિને અનુકૂળ ન થવાયું તે જ દુઃખનું કારણ છે.



# સમર્થ થકા
# સૌને અનુકૂળ

ગુરુદેવ પ.પૂ. બાપજીના સંતજીવનનો આયામ અનુકૂળ થવાની બાબતોમાં બૃહત વિસ્તરેલો હતો !!

જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેવું તેવું, જે મળે તેનાથી ચલવી લેવું. વિપરીત સ્થિતિ-પરિસ્થિતિમાંય સ્થિર રહેવું.

દરેકની ભૂલને ભૂલી જઈ શાંત રહેવું છતાં,

દરેક વ્યક્તિને રુચે, માફક આવે, અનુકૂળ આવે તે રીતે ધીરજપૂર્વકનો, પ્રેમભર્યો વ્યવહાર કરવો.

તેઓની આ સાધુતા ઊંડી અધ્યાત્મ સમ્રાટતાનું પ્રતિબિંબ છે. આવો, તેને માણીએ ગુરુદેવના જ નિકટ સાંનિધ્યમાં રહેલા પૂ. સંતોના મુખે...

બાલ્યાવસ્થાથી જ તેમને કોઈ ફરિયાદ નહિ, કોઈ જરૂરિયાત નહીં. જ્યાં ત્યાં, જ્યારે ત્યારે, જેવું તેવું, જે મળે તે ચલાવી લેવાની તેઓની ત્યાગભાવનાનું વર્ણન કરતાં વાસણ ગામના હરિભક્તો મને કહેતા હતા કે, “ગુરુદેવ પ.પૂ. બાપજીના પૂર્વાશ્રમનાં માતુશ્રી ધોળીબા ઘણી વાર તેઓ વિષે વાત કરતાં કે, ‘મારો દેવુ સોજો (ઉત્તમ ગુણિયલ) છે. તેણે કે’દી પેટ ભરીને જમાડ્યું નથી. કોઈની પાસે કંઈ માગે તેવો નથી. અહીંથી એ ગમે ત્યાં જાય પછી એનું શું થશે ? એને એના પંડની કોઈ પ્રકારે ખેવના જ નથી. તેણે મને કોઈ રાવ (ફરિયાદ) કરી નથી. ગમે તેમ ચલાવી લે. કોઈ દિવસ રસોઈ ટાઢી-ઊની હોય, તીખી-મોળી હોય તોય કંઈ ન કહે. જ્યારે જે મળે તે જમી લે. ઘરમાં પણ સાધુની જેમ જ રહે છે.’ ”

પૂર્વાશ્રમમાં અગવડ હતી ત્યારે જ નહિ, ગુરુપદે બિરાજ્યા પછી પણ બધા જ સાનુકૂળ સંજોગો થયા ત્યારે પણ જ્યારે જે મળે, જેવું મળે તેનાથી ચલાવી લેવાની જ સદૈવ રુચિ જણાવી છે. દેહાતીત સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી ક્યાં અને આપણે ક્યાં ? આપણે તો ઘરમાં થોડો પૈસો આવે કે તરત રીત-રસમ બદલાઈ જાય, મોભો વધી જાય, સગવડની અપેક્ષા વધી જાય ને ન મળે તો અકળાઈ જવાય. એટલે જ તો આપણે ઘરમાં, સત્સંગમાં, સમાજમાં પ્રશ્નોની પરંપરા સર્જાય છે. તો ગુરુદેવના જીવનમાંથી આપણે પણ ગમે તેવી મોટાઈને-પદને પામીએ તોપણ સૌને અનુકૂળ થવાનું શીખીએ.

•••

અગવડ હોય કે સગવડ,

આપ સદૈવ કરીને રહ્યા છો ઍડજસ્ટ.

તા. ૩, ૪ મે, ૨૦૧૪ એમ બે દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીનું સુરત ખાતે વિચરણ હતું. તા. ૩ મે, ૨૦૧૪ના દિવસે વૈશાખ મહિનાની ધોમધખતી ગરમી હતી. અસહ્ય લૂ વાતી હતી. તેની વચ્ચે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સુરત શહેરમાં હરિભક્તોના ઘરે પધરામણી કરી હતી. ગુરુદેવ પ.પૂ. બાપજી રાત પડતાં અતિશય થાક જણાવતા હતા. એ વખતે સુરત ખાતે નૂતન મંદિરનું નિર્માણ થયું ન હતું. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીનું રાત્રિરોકાણ આપણા પાસોદરા પાટિયા, જૂના પતરાંવાળા સત્સંગ કેન્દ્રમાં રાખેલું હતું.

ગુરુદેવ પ.પૂ. બાપજીને ગરમીનું અંગ તો ખરા એમાં વળી મે મહિનાની અસહ્ય ગરમી હતી. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીને રાત્રિ શયનમાં તકલીફ ન પડે તે માટે અમે સંતોએ હરિભક્તોના ઘરેથી નાનું પોર્ટેબલ એ.સી. મંગાવ્યું હતું.

રાત્રિ ચેષ્ટા બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્તોને ખૂબ ઊંચો લાભ આપ્યો. બીજા દિવસે આખા દિવસની જ્ઞાન શિબિરનું આયોજન કરેલું હતું તેથી અમે સંતોએ અને હરિભક્તોએ પ્રાર્થના કરી કે, “બાપજી, અગિયાર વાગી ગયા છે. સવારના અમદાવાદથી નીકળીને સુરત પધાર્યા તેથી જર્નીનો થાક છે. વળી, અસહ્ય ગરમીમાં પધરામણી કરીને થાકી ગયા હશો માટે પોઢાડો.”

પ્રાર્થના સ્વીકારી ગુરુદેવ પ.પૂ. બાપજી રાત્રિ શયન માટે આડા પડખે થયા. હજુ તો નીંદર પણ આવી ન હતી એ પહેલાં લાઈટો જતી રહી. રાત પડી ગઈ હોવા છતાં દિવસભરની ધગેલી ધરતીમાંથી નરી લૂ જ વાતી હતી. બહાર મચ્છરનો ત્રાસ. છતના પતરાંમાંથી પણ હજુ ગરમીની જ્વાળાઓ છૂટતી હતી. તેથી સુરતના હરિભક્તોએ તથા મુંબઈથી આવેલા હરિભક્ત નાગજીભાઈએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી કે, “બાપજી, આ લાઈટો ક્યારે આવે તેનાં કોઈ ઠેકાણાં નથી. અહીં નજીકમાં જ નાગજીબાપાનું ફાર્મ છે. તેમના ઘરે રાત્રિ શયન માટે પધારો તો સારું. વળી કાલે આખો દિવસ જ્ઞાન શિબિર છે. આટલી ગરમીમાં આખો દિવસ લાભ આપવાનો છે. તેથી રાત્રે બરાબર આરામ થાય તે માટે ફાર્મ પર પધારો.”

ગુરુદેવ પ.પૂ. બાપજી અમને કહે, “સંતો, એક રાતનો જ સવાલ છે ને ! આપણે તો મહારાજની મરજીથી જ્યારે, જ્યાં, જેવું મળે તેવું ચલવી લેવાનું હોય. મહારાજની મરજી આજે ગરમીમાં પોઢાડવાની છે તો એમની મરજીને સ્વીકારી લેવાની. આ જ તો આપણી સાધુતા છે.” આવી સ્થિતિમાં અકળાયા વગર, અનુકૂળ થઈને રહેવું તે ગુરુદેવ પ.પૂ. બાપજીની જીવનશૈલી હતી.

અમે સંતોએ તથા હરિભક્તોએ ઘણી વિનંતી કરી છતાં આખી રાત ગુરુદેવ પ.પૂ. બાપજીએ અસહ્ય ગરમીની વચ્ચે પસાર કરી છતાં બીજા દિવસે આખો દિવસ એટલા જ રજમાથી

વચનામૃતના રહસ્યજ્ઞાન ઉપર લાભ આપ્યો.

આહાહા… સામે ચાલી સાનુકૂળતા પ્રાપ્ત થતી હોવા છતાં પ્રભુમરજીથી આવી પડેલી પરિસ્થિતિને અનુકૂળ થઈ વર્તવાની કેવી તૈયારી ! આ સ્થાને આપણે હોઈએ તો શું કરીએ ? સાનુકૂળતા શોધીએ, અકળામણ-અથડામણ અને ઉદ્વેગમાં પરિસ્થિતિ પસાર થાય. પોતાને અનુકૂળ હોય તેવી જ સ્થિતિ, પરિસ્થિતિ, સ્થાન, વ્યક્તિની પસંદગી, માગણી અને ઇચ્છા સેવતા હોઈએ. જ્યારે દેહાતીત સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી તો જે સંજોગ, પરિસ્થિતિ, વ્યક્તિ, સ્થાન મળે, જેવું મળે તેને પોતે અનુકૂળ થઈને રહે છે !! આપણે પણ આ દિવ્યપુરુષના જેવું સાનુકૂળ જીવન બનાવીએ જેથી ગમે તેવી પ્રતિકૂળ સ્થિતિ-પરિસ્થિતિમાં પણ આનંદમાં રહી શકાય.

•••

સંધ્યાનો પૂર્વાર્ધ થયો તોયે,
નહોતું અડાડ્યું આપે મુખે તોય (જળ).
આપ દિનભર રહ્યા ભૂખ્યા.
દર દર (ઘરે ઘરે) ફરી હરિભક્તોને કર્યા સુખિયા.
ભૂલ્યો તો તવ કાજે લાવવું વાટકીએ દૂધ,
છતાં નહોતો કર્યો આપે મને હડધૂત;
નહોતું આપને મન ભૂખ્યા રહ્યાનું દર્દ,
નીરખ્યો તો કેવળ સૌને સુખિયા કર્યાનો આનંદ.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઈ.સ. ૨૦૦૩માં ડાયાબિટીસની લીલા ગ્રહણ કરી હતી. ડૉક્ટરે અન્નનો ત્યાગ કરી માત્ર ગાયના દૂધ પર આઠ મહિના રહેવાની ચરી આપેલી. એ અરસામાં હું ગુરુદેવ પ.પૂ. બાપજીની સાથે ઝાલોદ સમૈયામાં ગયેલો. વિચરણના આગ્રહી ગુરુદેવ પ.પૂ. બાપજીએ હિંગલાના હરિભક્તોને જોઈ તેમના પ્રેમવશ થઈ બીજા દિવસે સવારે વિચરણ ગોઠવી દીધેલું. સવારમાં ઊઠ્યો કે તરત મને કહ્યું, "સ્વામી, આપણે સાત વાગે હિંગલા નીકળવાનું છે." હું તો મનસા વિચારવા લાગ્યો કે, 'દસ વાગે ટીંમલાની સભા છે અને સાત વાગે હિંગલા જવાનું કેમ કહેતા હશે ?' પછી થયું કાલે હિંગલાના હરિભક્તો આવેલા તેમના પ્રેમને જોઈ ગુરુદેવે જાતે વિચરણ ગોઠવી દીધું લાગે છે. હું નાહી-ધોઈ, પૂજા કરી તૈયાર થયો એટલે મને અને જોડેવાળા હરિભક્તોને અલ્પાહાર કરાવી દીધો. ગુરુદેવ પ.પૂ. બાપજીને તો બપોરે દૂધ જ લેવાનું હતું. તેથી તેમણે કાંઈ ગ્રહણ કર્યું નહોતું. હિંગલા પહોંચ્યા અને થોડા ખોરડાંમાં ચાલતાં પધરામણી કરતાં દસ વાગી ગયા. ત્યાંથી ટીંમલા પહોંચતાં અગિયાર વાગેલા. અહીં બે ડુંગર ચડી વાઘાભાઈ, રનાભાઈ આદિ હરિભક્તોના ઘરે પધરામણી કરી.

લગભગ બપોરનો દોઢેક વાગ્યો હતો. ત્યાં વાઘાભાઈ છનાભાઈ ડામોરે આવી પ્રાર્થના કરી કે, "બાપજી, મારે ઘેર પધરામણી કરો ને !" ત્યારે ગુરુદેવે પૂછ્યું, "તારું ઘર ક્યાં છે ?" એમણે કહ્યું, "આંય કણ જ છે." જવા નીકળ્યા. દોઢેક વાગ્યે બે-ત્રણ ડુંગરા ચડી પધરામણી કરી પરત સંતરામપુર પહોંચતાં સાંજના ૪ વાગી ગયા હતા. સરતચૂકથી પાણીની વૉટરબૅગ લાવવાની પણ રહી ગઈ હતી. તેથી મને દુઃખ થયું કે ગુરુદેવે સવારનું દૂધ પણ ગ્રહણ કર્યું નથી અને પાણીની વૉટરબૅગ પણ હું ભૂલી ગયેલો. મેં અતિ ક્ષોભ સાથે ગુરુદેવની માફી માગી ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી બોલ્યા, "સ્વામી, આપણને અન્નજળ ન મળે તેનું કાંઈ નહિ, આટલા બધા આજે વ્યસન છોડી સત્સંગના માર્ગે વળ્યા તેનો આનંદ છે. સ્વામી, તમે ચિંતા ન કરો. મને દૂધ કે જળ યાદેય આવ્યું નથી."

વિચરણમાં હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવામાં દેહાતીત સ્વરૂપ ગુરુદેવે કદી પોતાના અવરભાવના સ્વાસ્થ્ય કે શરીરની પરવાહ કરી નથી. હરિભક્તોને રાજી કરી તેમને અનુકૂળ થઈને વર્ત્યા છે. મારી ભૂલને પણ લક્ષમાં ન લીધી.

આ સ્થાને આપણે હોઈએ તો ?? ઘર-પરિવારમાં કોઈની ભૂલના કારણે આપણે સહન કરવાનું થાય તો તેના પ્રત્યે કેવું અવિવેકભર્યું-ઉદ્ધાતાઈભર્યું વર્તન કરી નાખતા હોઈએ ?! કટાક્ષભરી વાણીથી સામેનાને તેમની ભૂલનો વારંવાર અહેસાસ કરાવી તેમને ક્ષોભ પહોંચે તેવું વલણ દાખવતા હોઈએ ? આનાથી કોઈની ભૂલ તો ન સુધરે પરંતુ બે હૃદય વચ્ચેનાં અંતર વધતાં જાય.માટે ગુરુદેવ પ.પૂ. બાપજીના જીવનમાંથી પ્રેરણા લઈએ કે એકબીજાને હંમેશાં સમજીને એકબીજા સાથે પ્રેમભર્યો વ્યવહાર દાખવીએ. સૌને ક્ષમા આપતા શીખીએ.

•••

જેવી ગુરુદેવ પ.પૂ. બાપજીની રીતિ-નીતિ તેવી સાદશ્ય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં પણ દર્શિત થાય છે. વર્તમાન સમયે સંસ્થાના ગુરુપદે બિરાજ્યા હોવા છતાં ગુરુપદને શોભાડવાનું છોડી સૌની વચ્ચે સૌને અનુકૂળ થઈ વર્તવાનું પદ શોભાવી રહ્યા છે.

ગુરુજી, ક્યાં આપ અને ક્યાં હું ?
ક્યાં હતું મારું ગજું !
આપ મોટાઈની એક વાત કરું છું રજૂ !!
વ્હાલા ગુરુજી અમ સૌ સંતો-ભક્તોને સુખિયા કરવા ઈ.સ.



અન્યના સુખમાં જ જેઓ મગ્ન રહે તે ગુરુજી સ્વામીશ્રી.

૨૦૧૮માં મહેસાણામાં બલોલ ખાતે ઝોનલ વિચરણમાં પધાર્યા. શિબિરનું મધ્યાહ્‌ન સેશન પૂર્ણ થતાં વ્હાલા ગુરુજી ઠાકોરજી જમાડવા પધાર્યા. ગુરુજીએ અવરભાવમાં ચરણના દુખાવાની લીલા ગ્રહણ કરી હતી તેથી પૂ. સંતોએ ગુરુજી માટે ટેબલ-ખુરશીની વ્યવસ્થા કરી હતી. સેવકને પણ મહારાજે ચરણના દુખાવાની પ્રસાદી આપી છે એટલે સેવક માટે પૂ. સંતોએ થોડે દૂર ખુરશી મૂકી હતી.

ગુરુજી ખુરશી પર જમાડવા બિરાજ્યા. તેઓના સમકક્ષ થોડે દૂર ખુરશી પર બેસી જમતાં ક્ષોભ થતો હતો પણ તેનો કોઈ વિકલ્પ ન હતો. ગુરુજીએ તરત મને ઉદ્દેશી કહ્યું, ‘‘સ્વામી, અહીંયાં અમારી જોડે ટેબલ પર આવી જાવ, જગ્યા જ છે.’’ સેવકને અતિશે ક્ષોભ થયો. ‘ગુરુજીની જોડે જ જમવાનું !! ક્યાં એ ને ક્યાં હું ?’ તે વિચારે સેવકે કહ્યું, ‘‘દયાળુ, હું અહીં બરાબર છું. પૂ. સંતો મને પીરસશે. આપ જમાડો દયાળુ.’’ સેવકનો ઉત્તર સાંભળી ગુરુજીએ તરત હાથમાં પત્તર લઈ લીધું અને કહ્યું, ‘‘તો મારે પણ ટેબલ પર પત્તર રાખી જમવું નથી. મને ફાવે છે કે નહિ તે જોવું છે.’’ સેવકે ગુરુજી જોડે આવી ટેબલ પર પત્તર મૂક્યું પછી જ ગુરુજીએ પત્તર મૂક્યું. પત્તરવાળો એંઠો થયેલો હસ્ત ઊભા થઈ ધોઈ પછી જમાડવા બિરાજ્યા.


ગુરુજી જોડે એક ટેબલ પર જમાડતાં મને ખૂબ ક્ષોભ અનુભવાતો હતો, સાથે અતિશે મહાત્મ્યથી અંતર હિલોળા મારતું હતું. એટલું જ નહિ, હું ગુરુજીને આગ્રહ કરી પીરસું એના બદલે ગુરુજી મને પીરસવા લાગ્યા.

વળી, પૂ. સંતોને પણ કહ્યું, ‘‘તમે બધા જમવા બેસી જાવ, સેવક જાતે લઈ લેશે.’’

મારા ગુરુજી કેવા દેહાતીત સ્વરૂપ !! કેવું જાજરમાન સ્વરૂપ !! છતાંય સૌને અનુકૂળ અને અનુરૂપ થઈને વર્તવાની કેવી આગવી છટા… આપણું જીવન આ દિવ્યપુરુષના જીવનથી કેટલું ભિન્ન છે તેની સ્વચકાસણી કરી એમના જેવા વિશાળ હૃદયી બનીએ. ગુરુજી પોતાના શિષ્ય સંતને પોતાની સમકક્ષ ટેબલ-ખુરશી પર જમાડવા બેસાડી જાતે પીરસી તેમની સાથે સહજભાવે વર્ત્યા. આપણે ઘર-પરિવારમાં, સત્સંગમાં કે નોકરી-ધંધામાં આપણાથી વયે કરીને, સત્તાએ કરીને, ગુણે કરીને નાના સભ્યોને આપણી સમકક્ષ બેસાડવામાં ક્ષોભ અનુભવીએ છીએ ? એમને આદર આપવામાં તથા એમની પરિસ્થિતિને જોઈ અનુકૂળ થવામાં આપણું સ્વમાન ઘવાતું હોય તેવું અનુભવીએ છીએ ? તો આ દિવ્યપુરુષોના દિવ્યજીવનમાંથી પ્રેરણા લઈ સ્વસ્થાન, સ્વમાન છોડી અન્યને અનુકૂળ અને અનુરૂપ થતા શીખીએ એ જ શિષ્યત્વ શોભાડવાનો શ્રેષ્ઠ ઉપાય છે.



**હલવી લેતા શીખવું એનું નામ જ સાધુતા.**



# સમર્થ થકા
# કરે સમાધાન

આહાહા... જે સ્વયં પરભાવનું સ્વરૂપ !

જેમને સ્વયં શ્રીહરિ વશ વર્તે !

શ્રીહરિને પ્રાર્થના કરી અનંતના દુઃખોને ક્ષણમાં ભગાડે !

એવા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી.

સમર્થ થકા સંપૂર્ણ પરતંત્રપણું દેખાડે !!

‘સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.’

આ સિદ્ધાંતને સાંગોપાંગ ધારણ કરી ચાલનારા ગુરુદેવ

સંતો-હરિભક્તોના મનોરથ પૂર્ણ કરવા,

સંતો-હરિભક્તોને અનુકૂળ થવા,

સંતો-હરિભક્તોને રાજી રાખવા

પળે પળે સમાધાનકારી વલણ દાખવી વર્તે !!

આ જ તો છે આ સમર્થ પુરુષની સામર્થ્યતા !!

કોઈ પણ દેહધારી વ્યક્તિને પોતે નક્કી કરેલ આયોજન કે નિર્ણયમાં ફેરફાર કરી અન્યના બીબામાં ઢળવાનું થાય ત્યારે સાહજિક વસમું લાગે, ઘર્ષણ ઊભાં થાય પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી એવું દિવ્ય વ્યક્તિત્વ હતા જેઓ પોતે કરેલા આયોજન કે પોતે લીધેલા નિર્ણયમાં, પોતાની સાહજિક રુચિ કે અભિપ્રાયમાં સિદ્ધાંત સિવાયની બાબતમાં સમાધાન કરી કાયમ અન્યના ગમતામાં સમાઈને રહ્યા છે.

ઈ.સ. ૧૯૭૦ની આસપાસ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ખાખરિયાના ગામોમાં વિચરણમાં જવાનો સંકલ્પ કર્યો હતો. પરંતુ શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર જોડ વગર એકલા તો ક્યાંય બહાર જવાય નહીં. જોડમાં સાધુ નહીં. તેથી પ્રશ્ન થયો કે જવું કેવી રીતે ? તેથી મોટા મંદિરમાં વડીલ સંત પાસેથી વિચરણમાં જવા ઉછીના સાધુ લીધા.

ખાખરિયાના વિચરણ દરમ્યાન એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજી જોષીપુરા કથાવાર્તાનો લાભ આપવા પધાર્યા હતા. જોષીપુરા પહોંચ્યા પછી ખુરશીમાં સિંહાસન કરી ઠાકોરજીની મૂર્તિ પધરાવી અને જોડમાં રહેલા સંતને ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, તમે થોડી વાર કીર્તન ગાવ એટલામાં હું બીજી વ્યવસ્થા કરી દઉં.” ગુરુદેવ પ.પૂ. બાપજી સભાની તથા ઉતારાની બધી વ્યવસ્થા કરી, દંડવત કરી આસને કથા કરવા માટે બિરાજ્યા ત્યારે હજુ કીર્તન ગવડાવવાનાં ચાલુ હતાં.

ગુરુદેવ પ.પૂ. બાપજીને એમ કે હમણાં કીર્તન પૂરું કરે પછી કથા ચાલુ કરીશું. પરંતુ એક પછી બીજું, બીજા પછી ત્રીજું એમ કીર્તનો ગાવાનાં ચાલુ જ રાખ્યાં. છેવટે થાકીને ગુરુદેવ પ.પૂ. બાપજીએ ધીમે રહી કહ્યું, “સ્વામી, હવે કીર્તન રાખો; કથા કરીએ.”

એક વાર કહ્યું, બે વાર કહ્યું તેમ છતાં કીર્તન ગાવાનાં ચાલુ જ રાખ્યાં. છેવટે હરિભક્તોએ સામેથી કહ્યું કે, “સ્વામી, કીર્તન રાખો; હવે આ સ્વામી વાતું કરે.” તેથી કીર્તન ગાવાનું તો બંધ કર્યું પરંતુ આક્રોશમાં મોટે મોટેથી ગુરુદેવ પ.પૂ. બાપજીને બોલવા લાગ્યા કે, “તમને હું સારાં કીર્તન ગાઉં છું એટલે મારી પર ઈર્ષ્યા આવે છે. બધા હરિભક્તોને કીર્તન સાંભળવા ગમે છે તે તમારાથી ખમાતું નથી અને પાછા તમે હરિભક્તોને ચડાવો છો. એમની આગળ સારા થાવ છો.”

ગુરુદેવ પ.પૂ. બાપજી કંઈ બોલ્યા નહિ પરંતુ તેઓનું હૃદય આ શબ્દો સાંભળતાં ચિરાઈ ગયું. તેમને પોતાના અપમાનનું દુઃખ નહોતું પરંતુ હરિભક્તોને આ સ્વામીજીને વિષે સંકલ્પ થાય, અભાવ આવે અને શ્રીજીમહારાજની ભગવી ચૂંદડી લજવાય એનું દુઃખ હતું.

તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ વિનમ્રભાવે કહ્યું, “સારું સ્વામી, તમે બહુ સરસ કીર્તન ગાવ છો. ચાલો ગવડાવો, આપણે કીર્તન જ ગાઈએ.” એમ કહી કીર્તન ગાવાનાં ચાલુ કરાવ્યાં. રાત્રે અગિયાર વાગ્યા સુધી કીર્તન જ ગવડાવ્યાં પણ સભા તો ન જ કરવા દીધી. જેના માટે ગયા હતા તે તો થયું જ નહીં. કથાવાર્તા દ્વારા હરિભક્તોને બળ અપાયું નહિ એનું ભારોભાર દુઃખ ગુરુદેવ અને હરિભક્તો બંનેને થયું હતું. પરંતુ તેમ છતાં તે સંત દુભાય નહિ, પરસ્પર આત્મીયતામાં ખંડન ન થાય, સાધુતા લજવાય નહિ તે માટે બધી જ પરિસ્થિતિમાં મૂંગા મોંએ સમાધાન કરી લીધું. સાધુને રાજી રાખવા પોતાનું આયોજન કૅન્સલ કરીને સાધુના ગમતામાં રહ્યા. એ વખતે આવું તો એક-બે વાર નહિ અનેક વિચરણમાં થતું.

ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્થાને સ્વને મૂકી જરા પ્રશ્ન પૂછીએ. શું મારું ગમતું કોઈ ન કરે ત્યારે હું ગુસ્સાને કાબૂમાં રાખી શકું છું ? અન્યના બીબામાં ઢળી શકું છું ? કોઈ મારું ગમતું ન કરે ત્યારે દુઃખી થઈ જઉં છું ? સામેવાળા માટે પૂર્વાગ્રહની ગાંઠ બંધાઈ જાય છે ? જ્યારે દેહાતીત સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી તો સ્પેશ્યલ કથા કરવા જ ગયા હતા છતાં પોતે સમર્થ હોવા છતાં સંતના વર્તનને, સ્વભાવને સ્વીકારી લીધા. તો ગુરુદેવના જીવનમાંથી સહજભાવે સૌની સાથે સમાધાન કરી ચાલવાની અદ્‌ભુત રીત શીખી સ્વજીવનને સદ્‌ગુણોથી સભર કરીએ.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજી મોટા મંદિરે માત્ર ૧૦x૧૨ની

ઓરડીમાં રહેતા. એ જ તેમનું આસન અને એ જ રસોડું. રોજ સવારે વહેલા ૩:૩૦ વાગ્યે ઊઠી સ્નાનાદિક ક્રિયામાંથી પરવારી વહેલા ૫ વાગ્યે ખીચડી બનાવી દેતા. ખીચડીમાં નાખવા હળદર નહોતી તો બીજા મસાલા શે જડે ? સવારે મંગળા આરતી પહેલાં ખીચડીની તપેલી છાજલી પર ચડાવી દેતા. આરતી બાદ હરિભક્તોને લાભ આપવાનું શરૂ થતું. મોટી સભા નહિ, એક પછી એક હરિભક્તના જાણે અધ્યાત્મ ટ્યૂશન હોય. હરિભક્તો પોતાને અનુરૂપ સમય હોય ત્યારે ગુરુદેવની કથાવાર્તાનો લાભ લેવા આવતા. દિવસ દરમ્યાન વારાફરતી એક પછી એક હરિભક્તો દર્શન-સમાગમ માટે ચાલુ રહેતા તેથી ગુરુદેવને ખીચડી જમાડવાનો અવકાશ રહેતો નહીં.

ગુરુદેવ પ.પૂ. બાપજીના છેલ્લા ઘરાક એટલે ઘનશ્યામભાઈ (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી). તેઓ ગુજરાત યુનિવર્સિટી લાઈબ્રેરીથી વાંચન કરી રાત્રે દસ વાગ્યે ગુરુદેવનો લાભ લેવા જતા. એક દિવસ લાભ લઈ તેઓ ઘરે જવા નીકળ્યા પરંતુ તેમનું પુસ્તક ગુરુદેવના આસને જ ભૂલી ગયા હોવાથી આસને પરત આવવાનું થયું; ત્યાં તો ગુરુદેવ સવારની બનાવેલી ખીચડી રાત્રે ૧૧ વાગે જમાડતા હતા. ગુરુદેવને આટલું મોડું જમવાનું કારણ પૂછતાં જ્યારે સત્ય હકીકત જાણવા મળી ત્યારે ઘનશ્યામભાઈનું હૃદય દ્રવી ઊઠ્યું કે, 'અમ સૌને કથાવાર્તા દ્વારા સુખિયા કરવા આ દિવ્યપુરુષ પોતાના આરામ અને આહારમાં આટલું બધું સમાધાન સાધી લે છે ?' ત્યારે ગુરુદેવે કહ્યું, “આ ક્રમ કંઈ આજનો થોડો છે ? રોજનો આ જ ક્રમ છે. તેમણે ગુરુદેવ પ.પૂ. બાપજીને કહ્યું, “આપે મને આજ સુધી કેમ જણાવ્યું નહોતું ? હું તો ઘણી વાર પોણા બાર વાગે અહીંથી નીકળતો હોઉં છું. તો આપ રાત્રે પોણા બાર વાગે ખીચડી જમાડવા બિરાજતા હશો ?!”

આહાહા... એક એકના જીવમાં ભગવાન પધરાવવાની કેવી અદમ્ય ખેવના !! પરિણામે હરિભક્તોના અનુકૂળ સમયને સાચવવા પોતે ઊંઘ-આહારમાં સમાધાન કરી લેતા.

• • •

જ્યારે સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય નહોતો ત્યારે તો ગુરુદેવ દેહના આહાર ને આરામમાં સમાધાન કરતા પરંતુ હજારો હરિભક્તો જ્યારે પોતાના માટે જીવન ન્યોછાવર કરવા તૈયાર હોય એવા સમામાંય હરિભક્તોના પ્રેમ-મનોરથને પૂર્ણ કરવામાં પોતાના આરામ અને આહારમાં સમાધાન (compromise) કરીને ચાલવું એ કાંઈ સામાન્ય વ્યક્તિનું કામ નહીં.

૩૧ માર્ચ, ૨૦૧૭ના રોજ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનો પંચમહાલ જિલ્લાના શહેરા ખાતે સત્સંગનો પ્રોગ્રામ હતો. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીને સ્નાન કરવા જતી વખતે સેવક સંતોએ પ્રાર્થના કરતાં પૂછ્યું કે, “બાપજી, આપના માટે જમવાનું શું બનાવીએ ?” એટલે ગુરુદેવે કહ્યું, “સંતો, આજે મોડું થઈ ગયું છે અને આપણે પંચમહાલ જવાનું છે. ઉતાવળે રસોઈ બનાવવામાં તમારે હેરાન થવું પડે એટલે કાંઈ બનાવવું નથી. અમે માત્ર ફ્રૂટ જમાડી લઈશું.”

વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીને અવરભાવમાં ડાયાબિટીસને કારણે ભૂખ્યા રહેવાય નહીં. વળી પ્રોગ્રામના કારણે બપોરે ઠાકોરજી જમાડવામાં પણ મોડું થવાનું હતું. તેથી પૂ. સંતોએ કહ્યું, “બાપજી, આપનું સ્વાસ્થ્ય સારું રહેતું નથી. આપ નહિ જમાડો તો વિચરણમાં તકલીફ પડશે.”

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “અત્યારે કંઈ તકલીફ નથી. વળી, સાવ ભૂખ્યા ક્યાં રહીએ છીએ ? ફ્રૂટ તો લઈશું જ ને !” સંતોની અત્યંત વિનંતી છતાં તેઓએ પ્રાર્થના ન જ સ્વીકારી. સંતો પણ દુઃખી હતા પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી માત્ર ફ્રૂટ જમીને પંચમહાલ વિચરણ માટે પધાર્યા.

શહેરા ખાતે પ્રોગ્રામ પૂર્ણ કરી ગોધરા મંદિરે ઠાકોરજી જમાડવા માટે પધાર્યા ત્યારે બપોરના ૨:૩૦ વાગી ગયા હતા. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી ખૂબ જ થાકી ગયા હતા. સંતોએ ઉતાવળે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીને ઠાકોરજી જમાડવાની વ્યવસ્થા કરી. વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ ઠાકોરજી જમાડી લીધા બાદ પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, “બાપજી, અત્યારે ગરમી બહુ જ છે. અત્યારે સવા ત્રણ થયા છે. આપ આરામ કરો; પછી વાસણા જવા નીકળીશું.” ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “અત્યારે આરામ નથી કરવો. ત્યાં એક હરિભક્ત મળવા આવવાના છે. જો આરામ કરીએ તો મોડું થઈ જાય. એ હરિભક્તને આપણી રાહ જોઈને બેસી રહેવું પડે. તેમને આપણા લીધે ખોટી થવું પડે.” ત્યારે સંતોએ કહ્યું, “બાપજી, એ હરિભક્તને ફોન કરીને મોડા આવવાનું કહી દઈએ.”

ત્યારે વ્હાલા ગુરુદેવે હરિભક્તની ચિંતા કરતાં કહ્યું, “એવી રીતે ફોન ન કરાય. એમણે બધું ગોઠવી રાખ્યું હોય. જો આપણે મોડા આવવાનું કહીએ તો એમને હેરાન થવાનું થાય એટલે આપણે અત્યારે જ નીકળી જઈશું; આરામ નથી કરવો.”

આમ, સવારે સાડા ચાર વાગ્યે ઊઠેલા આ દિવ્યપુરુષે ૮૫

વર્ષની જૈફ વયે સહેજ પણ આરામ કર્યા વિના, પોતાના દેહનું જતન કર્યા વિના ઉનાળાના બપોરની ધોમધખતી ગરમીમાં ગોધરાથી અમદાવાદ પરત પધારી તે હરિભક્તને અંગત લાભ આપી બળિયા કર્યા. બપોરનો આરામ તથા પોતાનું રાત્રિ શિડ્યૂલ ગૌણ કરી એક હરિભક્તને રાજી કર્યા.

નિકટથી તેઓનાં દર્શન જેણે કર્યાં છે તેઓ પળ પળ ને ક્ષણ ક્ષણ અનુભવતા કે ખરેખર ગુરુદેવ પ.પૂ. બાપજી દેહાતીત સ્વરૂપ છે બાકી દેહધારી તો બે દિવસમાં બીમાર પડી જાય. જ્યારે આ દિવ્યપુરુષે તો દેહના સુખમાં સમાધાન કરી અન્યના સુખની ચિંતા કરી છે. તેમ આપણે પણ પ્રેરણા લઈએ કે સત્સંગ માટે કે અન્યના સુખ માટે જરૂર પડ્યે સ્વસુખમાં સમાધાન કરવું તો સૌની સાથે સ્નેહભર્યું વર્તન રાખી શકાય.

• • •

વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની તો હરપળ ને હરક્ષણ જાણે સંતો-ભક્તોના મનોરથ પૂર્ણ કરવા માટે જ ન સર્જાઈ હોય !

તા. ૨૭ ઑગસ્ટ, ૨૦૨૨ ને શનિવારના રોજ લંડન ખાતે નૂતન સત્સંગ કેન્દ્ર ઉદ્‌ઘાટન સમારોહ વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં યોજાયો હતો. લંડન ખાતેના આ કુલ સાત-દિવસીય વિચરણના અંતમાં છેલ્લા બે દિવસ દરમ્યાન તો અવરભાવમાં વ્હાલા ગુરુજીને દાઢનો દુખાવો અસહ્ય બન્યો હતો. જેના પરિણામે રાત્રે ઊંઘ પણ નહોતી આવતી, સરખું જમાડી પણ નહોતું શકાતું. એટલે પૂ. સંતોએ વ્હાલા ગુરુજીને પ્રાર્થના કરી, “દયાળુ, લંડન ખાતેનો મુખ્ય પ્રોગ્રામ મંદિર ઉદ્‌ઘાટન સમારોહ પણ સંપન્ન થઈ ગયો છે તો આપ ટ્રીટમૅન્ટ માટે ઇન્ડિયા વહેલા પધારી જાવ.” પરંતુ વ્હાલા ગુરુજીનું પાંચ વર્ષ બાદ વિચરણ ગોઠવાયું હતું અને તેમાં પણ બે દિવસનો હરિભક્તોનો લાભ કપાઈ ન જાય તે માટે દુખાવો સહન કરીને, ગોળી તથા ઇન્જેક્શન લઈને પણ વ્હાલા ગુરુજીએ વિચરણ ચાલુ રાખ્યું અને એ જ ત્રણ ત્રણ કલાકનો કથાવાર્તાનો પ્રવાહ ચાલુ રાખ્યો. એ દિવ્યપુરુષને એક જ વિચાર રહ્યા કરતો અને સંતો આગળ વારંવાર ઉચ્ચારતા કે, “સંતો, પાંચ વર્ષ પછી અહીંના હરિભક્તોને નિકટ દર્શન-સમાગમનો લાભ મળ્યો છે. એમના હૈયે કેટલો આનંદ છે !! અને જો અમે બાકીના દિવસોનું વિચરણ કેન્સલ કરી વહેલા ઇન્ડિયા જતા રહીએ તો તેમના મનોરથનું શું !! એમના આનંદનું શું !!”

દોઢ મહિનાના વિદેશ વિચરણનો અસહ્ય થાક !

દિવસ-રાતના ઉજાગરા !

એની વચ્ચે દાઢનો ઊપડેલો આ અસહ્ય દુખાવો !

ન જમી શકાય, ન બોલી શકાય !

આવા સંજોગમાં પણ એ દિવ્યપુરુષે હરિભક્તોના પ્રેમને પ્રાધાન્ય આપ્યું !!

આહાહા... આ લોકની દેહધારી વ્યક્તિ આવું ન જ કરી શકે !

ધન્ય હો ગુરુજીને ! જેમણે અન્યના સુખ ખાતર સ્વસુખની કેવળ અવહેલના જ કરી છે.

દેહધારી જીવ દેહનાં સુખ-દુ:ખ, માન-અપમાનની વાત આવે તો સિદ્ધાંતોને ક્યાંય નેવે મૂકીને જીવે. જ્યારે દેહાતીત સ્વરૂપ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી સિદ્ધાંતમાં અડગ રહેવા છતાં તે સિવાયની દરેક બાબતમાં સમાધાન કરીને ચાલ્યા છે. હરિભક્તોને બળિયા કરવામાં, તેમના મનોરથો પૂર્ણ કરવામાં, શ્રીહરિની ઉપાસના પ્રવર્તાવવામાં તેમણે સ્વસુખ, સ્વરુચિ, સ્વઆરામ, સ્વઆહાર સામે કદી જોયું નથી. એમ ઘર-પરિવારમાં આત્મીયતાભર્યું વાતાવરણ બનાવવા સમય-સંજોગ પ્રમાણે આપણે પણ ગુરુદેવ તથા ગુરુજીની જેમ વસ્તુ, પદાર્થ, વ્યક્તિ, મનના ઠરાવ, દેહના આહાર-આરામમાં સમાધાન કરીને ચાલતા થઈએ એ જ ખરા અર્થમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રાગટ્ય પૂનમ ઊજવી ગણાશે.


**નિવેદન ફૉર્મ : ૨૦૨૪ (ઘનશ્યામ)**

ઘનશ્યામ માલિકી અને બીજી માહિતી નિવેદન (ફૉર્મ નં - ૪, રૂલ - ૮)

**પ્રકાશન સ્થળ** : સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે ગાંધીનગર - ૩૮૨૦૦૭

**પ્રકાશન ક્રમ** : માસિક

**મુદ્રકનું નામ** : સાધુ પૂર્ણસ્વરૂપદાસ

**પ્રકાશકનું નામ**: સાધુ ભક્તવત્સલદાસ

**તંત્રીનું નામ** : નરેન્દ્ર આર. ત્રિવેદી

**રાષ્ટ્રીયતા** : ભારતીય

**માલિકનું નામ** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા **(SMVS)**

**સરનામું** : સ્વામિનારાયણ ધામ, કોબા - ગાંધીનગર હાઈવે, ગાંધીનગર - ૩૮૨૦૦૭

હું, સાધુ ભક્તવત્સલદાસ, આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગત મારી જાણ અને માન્યતા મુજબ યોગ્ય છે.

સહી

સાધુ ભક્તવત્સલદાસ

(૧-૩-૨૦૨૪)



# સમર્થ થકા સૌની આગળ સરળ

સર્વાંગ સ્વરૂપ ગુરુદેવ પ.પૂ. બાપજી.

જેઓનું સિદ્ધાંતવાદીપણું સારાય સંપ્રદાયમાં દેદીપ્યમાન છે. જેઓની સાધુતા અવલ ક્રમ પર રહી છે.

જેઓના નિયમ-ધર્મની અડગતાને હિમાલય પણ ડગાવવા અસમર્થ છે. આવું ભવ્ય અને સિંહ સમ પ્રચંડ સ્વરૂપ જેમણે કદી સિદ્ધાંતની બાબતમાં નમતું જોખ્યું નથી છતાં સરળતા અને નિખાલસતાની સાક્ષાત્ પ્રતિમા હોઈ શકે ?? હા... ગુરુદેવ પ.પૂ. બાપજી જેટલા ભવ્ય અને પ્રચંડ છે એટલા જ સરળ અને નિખાલસ છે.

ઈ.સ. ૨૦૧૩માં ગુરુદેવ પ.પૂ. બાપજી સમર્પિત તાલીમ કેન્દ્ર, સ્વામિનારાયણ ધામ ખાતે સાંજે ૪ વાગે સમર્પિત મુક્તો તથા પૂ. પાર્ષદમુક્તોને લાભ આપવા પધાર્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજીને સભામાં ગઢડા પ્રથમનું ૭મું વચનામૃત લેવાની ઈચ્છા હતી. તેથી વચનામૃત હસ્તમાં લઈ પ્રથમનું ૭મું વચનામૃત કાઢતાં કાઢતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ સમર્પિત તાલીમ કેન્દ્રની સેવા સંભાળતા પૂ. સંતને પૂછ્યું, "સ્વામી, આજે સભામાં શું લેવું છે ? તમે કહો તે લઈએ." પોતે નક્કી કરેલા વચનામૃત પર લાભ આપવાની રુચિ હોવા છતાંય કેટલું સરળતાથી પૂછ્યું કે, "તમે કહો તે લઈએ." પૂ. સંતે પ્રાર્થનાપૂર્વક કહ્યું, "બાપજી, સૌને આપના મુખે સાધુતાનું કીર્તન : 'જેનું તન મન માન્યું ત્યાગે રે...' એ પર લાભ લેવાની ઈચ્છા છે છતાંય આપની જેમ મરજી હોય તેમ."

ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "ભલે કીર્તન લઈએ." એમ કહી તરત વચનામૃત બંધ કર્યું અને કીર્તન સરિતા લઈ સાધુતાના કીર્તન પર સાંજના ૭ વાગ્યા સુધી રજમાપૂર્વક લાભ આપ્યો.

જરા સ્વયંને આ સ્થાને મૂકીએ. આપણાથી મોટા હોય તોપણ આપણો કોઈ એક નાનોસરખો ઠરાવ છોડાવી શકે ?? એ સમયે આપણે સરળ થઈ શકીએ ? જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી પોતાના નાનામાં નાના શિષ્ય આગળ પણ કેવા સરળ થઈને વર્તી શકે છે ! એમના શિષ્ય તરીકે આપણે પણ આ રીતિને અપનાવવા જેવી ખરી.

●●●

તા. ૧૩-૭-૨૦૧૮ ને શુક્રવારના રોજ વાસણા ખાતે છ મુક્તોને પાર્ષદી દીક્ષા આપવાની હતી. આ પ્રસંગે ગુરુદેવ પ.પૂ. બાપજીને સેવક સંતે પ્રાર્થના કરી, "દયાળુ, આપને તકલીફ ન પડે તે માટે આપ મહાપૂજા પૂર્ણ થયા બાદ વસ્ત્ર અર્પણ કરવાના સમયે દીક્ષા વિધિમાં પધારજો." ત્યારે તુરત ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "હમણાં સ્વામી (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી) દર્શને આવ્યા હતા ત્યારે અમને કહ્યું હતું કે, આપને સારું હોય તો દીક્ષા વિધિમાં પહેલેથી જ પધારજો. આજે અમને સારું છે તો સ્વામીએ કહ્યું તેમ દીક્ષા વિધિમાં પહેલેથી જ જઈશું." સ્વયં સંસ્થાના આદ્ય ગુરુસ્થાને બિરાજવા છતાં પોતાના શિષ્યની આવી પ્રાર્થના સરળતાથી સ્વીકારવામાં ગુરુદેવ પ.પૂ. બાપજીને કોઈ સંકોચ થયો નથી. આપણે સ્વજીવનને તપાસીએ કે આપણાથી નાના મુક્ત આપણને સૂચન કરી શકે ખરા ? કદાચ સૂચન કરે તો આપણે આટલી સરળતાથી સ્વીકારી શકીએ ખરા ?

●●●

ગુરુદેવ પ.પૂ. બાપજી જેટલા સરળ એટલા જ નિખાલસ. પોતે અવરભાવમાં આટલી મોટી સંસ્થાના અધિષ્ઠાતા હોવા છતાંય કદી નહિ કોઈ ભાર કે નહિ તેના ભાવમાં રહેવાનું. નાના બાળક જેવા નિર્દોષ અને નિખાલસભાવે સૌની સાથે વર્તવું એ ગુરુદેવ પ.પૂ. બાપજીની સાહજિકતા હતી. એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રિ-મુમુક્ષુ બૅચની શિબિરમાં સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપવા સ્વામિનારાયણ ધામ પર પધાર્યા હતા. એકમાત્ર શ્રીહરિને રાજી કરવા અને અનાદિમુક્તની સ્થિતિ પામવાના હેતુક પ્રિ-મુમુક્ષુ બૅચના સભ્યોએ આજીવન બ્રહ્મચર્ય વ્રતના નિયમ લીધા છે તે જાણી ગુરુદેવ પ.પૂ. બાપજી સૌ સભ્યો પર ખૂબ રાજી થયા. સર્વેને ગુરુદેવ પ.પૂ. બાપજીના હસ્તની પ્રસાદી મળી રહે તેથી પૂ. સંતોએ ઠાકોરજીને સાકરનો થાળ ધરાવી ગુરુદેવ પ.પૂ. બાપજી સમક્ષ ધર્યો. ગુરુદેવે હસ્ત મૂકી સાકર પ્રસાદીની કરી. પ્રસાદી જમાડનારા માટે મૂર્તિસુખના આશીર્વાદ વહાવ્યા પરંતુ જે ફૅક્ટરીમાં સાકર બની હોય, તેમાં જેણે જેણે કામ કર્યું હોય તેમની સેવા સ્વીકારવા અને તેમના મોક્ષનો માર્ગ ખુલ્લો કરવા ગુરુદેવે બે દાણા ગ્રહણ કરવા આદર્શ પ્રૉજેક્ટની સેવા સંભાળતા સંતને પૂછ્યું, "સ્વામી, હું આમાંથી બે દાણા સાકરના લઉં ?"

કેટલું નિખાલસપણું !! આખી સંસ્થા, સંસ્થાની તમામ સ્થાવર-જંગમ મિલકત જેમને સમર્પિત છે તેવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ બે દાણા સાકર લેવા પૂ. સંતની પરવાનગી માગી !! શું આપણે કોઈને પૂછીને વસ્તુ લઈએ છીએ કે પૂછતા સંકોચ અનુભવીએ છીએ ? સ્વજીવનને તપાસીએ કે કેટલા સરળપણે વર્તી શકાય છે ?

●●●

તા. ૫, ૬, ૭ નવેમ્બર, ૨૦૧૩ના રોજ વાસણા ખાતે જ્ઞાનસત્ર-૭માં પ્રાતઃ સમયે ધ્યાન સેશનનું આયોજન કરવામાં આવેલું. આમ તો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જ ધ્યાનનો લાભ આપતા હોય છે પણ આજે ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, "દયાળુ, આજે આપ સૌ સંતો-હરિભક્તોને ધ્યાનનો લાભ આપશો ?" ખૂબ સરળતાથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, "ભલે, જેમ બધા કહે તેમ." સભામાં ગુરુદેવ

પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પધાર્યા. બંનેએ આસન ગ્રહણ કર્યું એટલામાં જાહેરાત થઈ, "હવે ગુરુદેવ પ.પૂ. બાપજી આપણને સૌને ધ્યાનનો લાભ આપી મૂર્તિસુખમાં રમમાણ કરાવશે."

ગુરુદેવ પ.પૂ. બાપજી પાસે માઈક્રોફોન ગોઠવાયું એટલે તુરત ગુરુદેવ પ.પૂ. બાપજી બોલી ઊઠ્યા, "જુઓ, મને સ્વામી (ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી) જેવું ધ્યાન કરાવતા નથી આવડતું માટે બધા અમારી ઉપર રાજી રહેજો." કોઈ બાહ્યિક આડંબર નથી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કેટલી સરળતાથી ગુરુજીની પ્રાર્થનાનો સ્વીકાર કરી લીધો અને નિખાલસભાવે પોતે સમર્થ હોવા છતાં શિષ્ય કરતાં પોતાને ન્યૂન કહેવામાં પણ કેટલી સાહજિકતા !! આ માત્ર સરળતા અને નિખાલસતા જ નહિ પણ સરળતાની અને નિખાલસતાની પરાકાષ્ઠા છે. શું આપણે અન્ય કરતાં કોઈ બાબતમાં પાછળ હોઈએ તો અન્ય આગળ તેની નિખાલસભાવે કબૂલાત કરી શકીએ છીએ ? ઘર-પરિવારમાં કોઈએ કહેલી વાતનો સરળતાથી સ્વીકાર કરી શકીએ છીએ ? જરા સ્વતપાસ કરી પાછા વળીએ.

●●●

તા. ૨-૬-૨૦૧૭ના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ ખાતે પ્રાતઃ સભામાં લોયાના ૧૩મા વચનામૃત પર લાભ આપતા હતા. "જ્યાં સુધી એ મુમુક્ષુને ગુણનો સંબંધ છે ત્યાં સુધી તો તેને દેશકાળાદિકે કરીને વિષમપણું થાય છે." એમ ગુરુદેવ પ.પૂ. બાપજીએ વાંચ્યું. ત્યારે કોઈકે કહ્યું, "દયાળુ, રાજી રહેજો. અહીં વિષમપણું નહિ પણ વિપર્યપણું લખ્યું છે." ફરી ગુરુદેવ પ.પૂ. બાપજીએ વાંચવાનો પ્રયત્ન કર્યો, 'વિષમપણું થાય છે.' ત્યારે બીજા સંતે કહ્યું, "બાપજી, વિપર્યપણું લખ્યું હોય એવું લાગે છે છતાં આપ જેમ કહો તેમ." ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંતની વાત સરળતાથી સ્વીકારી ફરીથી ધ્યાનથી વાંચવાનો પ્રયત્ન કર્યો પછી બોલ્યા, "હા સ્વામી, તમે સાચું કહ્યું. અહીં વિષમપણું નહિ, વિપર્યપણું જ લખ્યું છે. રાજી રહેજો. અમને અક્ષર ન વંચાયા. સ્વામી, સારું કર્યું તમે અમારી ભૂલ સુધારી."

ગુરુદેવ પ.પૂ. બાપજી કેટલી સરળતાની મૂર્તિ હશે તો પોતે દોષિત ઠરી આપણને સરળતાની રીત શીખવવા ભરસભામાં પોતાની નાનીઅમથી ભૂલને પણ સ્વીકારી, ભૂલ સુધારી લીધી. ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વવર્તન દ્વારા આપણને સરળતા અને નિખાલસતાનો ગુણ શીખવે છે. આપણે તેઓના અદના સેવક થઈ અહંકાર-અટંટાઈ મૂકી સૌની સાથે સરળભાવે, નિખાલસભાવે રહીએ. તો જ પરિવારમાં સૌ સાથે હળીમળીને રહી શકાય. ખરેખર તો ગુરુદેવ પ.પૂ. બાપજી એટલે વચનામૃતના આચાર્ય. ૨૭૩ વચનામૃત જેમને સટીક કંઠસ્થ હતાં. પરંતુ સભાજનોને સમર્થ થકા જરણા કરવાની, નાનામાં નાના સંતો-હરિભક્તો કે પરિવારના સભ્યોની ટકોર-સૂચનને ગમાડી સહજતાથી સુધારવાની રીત શીખવવાનો તેઓનો જાણે સ્પષ્ટ ઉદ્દેશ્ય જણાઈ આવતો હતો તેવું સૌ સભાજનોએ અનુભવ્યું.

●●●

જેવા ગુરુદેવ પ.પૂ. બાપજી એવા જ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. સિદ્ધાંત અને નિયમ-ધર્મની બાબત સિવાય તમામ બાબતોમાં ગુરુજીનું અવરભાવી જીવન વહેતા પાણીના પ્રવાહ જેટલું સરળ અને સહજ છે.

એક વખત ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બરોડા વિચરણ અર્થે પધારતા હતા. બરોડા હાઈવેથી મંદિરે પહોંચવાના બે રસ્તા છે. એક બરોડા સિટીમાંથી થઈ મંદિરે જવાય જે રસ્તો ટૂંકો પરંતુ ટ્રાફિક ઘણો હોય. બીજો રસ્તો બરોડા સિટીને બાયપાસ કરી મંદિરે પહોંચાય. જે રસ્તો થોડો લાંબો પણ ટ્રાફિક વગરનો હોય.

ગુરુજીની રુચિ એવી કે ભલે રસ્તો લાંબો હોય તો ચાલે પણ ટ્રાફિક વગરનો હોય તે રસ્તેથી જવું. ગાડી બરોડા હાઈવેથી નીચે ઊતરી ત્યારે ડ્રાઈવર મુક્તે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પૂછ્યું, "દયાળુ, ગાડી કયા રસ્તેથી લઉં ?" હજુ ગુરુજી કંઈ પ્રતિઉત્તર કરે તે પૂર્વે જોડેના પૂ. સંતે સહજભાવે કહ્યું, "બરોડા સિટીમાંથી ગાડી લઈ લો." ડ્રાઈવર મુક્ત ગુરુજીની રુચિ જાણતા હતા તેથી તેઓએ ગુરુજી સન્મુખ દૃષ્ટિ કરી ત્યારે ખૂબ સરળતાથી ગુરુજીએ કહ્યું, "ભાઈ, સ્વામીએ કહ્યું તેમ બરોડા સિટીમાંથી લઈ લો. આપણે તો ગમે તે રસ્તેથી મંદિરે પહોંચવાનું કામ ને !"

આમ, ગુરુજીના સહવાસમાં રહેનાર દરેક મુક્તને સહેજે પ્રતીતિ થાય કે ગુરુજી સિદ્ધાંત અને નિયમ-ધર્મ પાળવા-પળાવવામાં જેટલા આગ્રહી છે તેટલા જ રોજબરોજના જીવનમાં સરળ છે.

આપણા ગુરુજી સિદ્ધાંત અને નિયમ-ધર્મ સિવાય બધે જ સરળ છે જ્યારે આપણે સિદ્ધાંતો છોડવામાં તથા નિયમ-ધર્મ લોપવામાં સરળ થઈ જઈએ. પરંતુ મનધાર્યું કરવામાં, પોતાની વાત પકડી રાખવામાં કેટલા કાઠા છીએ ! કોઈ આપણું ગમતું, આપણી ઈચ્છા, આપણી રીતિ-નીતિ કે પદ્ધતિને સહેજ પણ મરોડી શકે નહીં. પણ હવે દૃઢ સંકલ્પ કરીએ કે બંને દિવ્યપુરુષોના અદના શિષ્ય તરીકે તેઓના ચીલે ચાલી ધાર્યું કરવાના ઠરાવો છોડી દઈએ તો જેમ બંને દિવ્ય સ્વરૂપો દિવ્યાનંદના ઝરણાની જેમ વહી અનેકની તૃષા છિપાવે છે તેમ આપણે પણ વહેતા ઝરણાની જેમ નિર્મળ અને નિખાલસ બની શકીશું.



'જેમ કહો તેમ' – જેમકોમ ડિગ્રી મેળવવી ખૂબ અઘરી છે.



# સમર્થ થકા સૌના સ્થાને

ઈન્દ્રિયો દમન, સંયમી આહાર-વિહાર, ભજન-ભક્તિમાં પ્રવૃત્ત, સાદગીભર્યું જીવન આ બધાં સાધુનાં લક્ષણો છે.

પરંતુ ખરા સાધુત્વની વિભાવના સદ્. મુક્તાનંદ સ્વામી કરે છે, ‘તન કી ઉપાધિ તજે સોહી સાધુ.’ જેને પોતાપણાનો ભાવ જ નથી એ જ ખરા સાધુ છે. જેઓએ પોતાનું સમગ્ર અસ્તિત્વ ભગવાન સ્વામિનારાયણની મૂર્તિમાં ઓગાળી દીધું છે. જેઓ શ્રીહરિ સાથે રોમ રોમપણે તદાત્મને પામેલા છે એવા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું અવરભાવી જીવન સદ્. મુક્તાનંદ સ્વામી કથિત સાધુતાની વિભાવના સાથે સંપૂર્ણ સુમેળ સાધે છે.

જેઓએ જીવનમાં બીજાનું શું ? બીજાની લાગણીઓનું શું ? બીજાની વ્યવસ્થાનું શું ? આમ, અન્યની જ ચિંતા કરી છે તેમનામાં અન્યના સ્થાને બેસવાની સહજતા સહેજે જોવા મળે છે. આ જ ખરી સાધુતા છે.

ઈ.સ. ૨૦૧૨માં સુરેન્દ્રનગર ખાતે ગુરુદેવ પ.પૂ. બાપજીની એક-દિવસીય જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવેલું. બપોરે ૧૨:૩૦ વાગ્યાના બદલે ૧:૩૦ વાગ્યે ગુરુદેવે પોતાની અમૃતવાણીને વિરામ આપ્યો. સભામાં આગળ બેઠેલા એક હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરી જમાડવા ગયા. જમાડી પરત સભાખંડમાં આવ્યા ત્યારે ગુરુદેવ સૌને દર્શન આપી ઠાકોરજી જમાડવા સંત રસોડામાં પધારતા હતા. પૂ. સંતોએ ગુરુદેવને હસ્ત ધોવડાવ્યા, ભોજન પૂર્વેની દવા આપી અને ગુરુદેવ પ.પૂ. બાપજી ખુરશીમાં બિરાજ્યા.

એ જ વખતે આ બાજુ પેલા હરિભક્તે સંત રસોડાની બહાર સેવા કરતા એક સંતને કહ્યું, “દયાળુ, મારે ગુરુદેવ પ.પૂ. બાપજીનું કામ છે તો મને બે મિનિટ મળવાનો સમય આપશો ?” ત્યારે પૂ. સંતે કહ્યું, “દયાળુ, ગુરુદેવ પ.પૂ. બાપજીને હજુ જમાડવાનું બાકી છે, જમાડીને પછી મળશે તો ચાલશે ? આપે તો ઠાકોરજી જમાડી લીધા છે. તો થોડી વાર બેસો.” આટલું કહી પૂ. સંત રસોડામાં આવ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂછ્યું, “એ હરિભક્ત શું કહેતા હતા ?” ત્યારે પૂ. સંતે કહ્યું, “દયાળુ, એમને આપને મળવું છે પરંતુ મેં કહ્યું છે કે જમાડીને મળશે.” આટલું સાંભળતાં જ ગુરુદેવ પ.પૂ. બાપજી હસ્તમાં લીધેલી દવા તથા પત્તર બાજુ પર મૂકી ઊભા થઈ ગયા અને કહ્યું, “પેલા હરિભક્તને બોલાવી લો. આપણે પહેલાં મળી લઈએ.”

ત્યારે પૂ. સંતે પ્રાર્થના કરી, “દયાળુ, એ હરિભક્તને મોડું થતું નથી. વળી એમણે તો ઠાકોરજી જમાડી લીધા છે. એ બે મિનિટનું કહે છે પણ ૨૦-૨૫ મિનિટ થશે માટે આપ જમાડી લો.” પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “એમને બોલાવી લો. આપણા કારણે એમને તો ૨૦ મિનિટ બેસી રહેવાનું જ થાય ને !” પૂ. સંત બહાર જઈ તે હરિભક્તને બોલાવી લાવ્યા. હરિભક્તે બે મિનિટને બદલે ૨૫ મિનિટ ગુરુદેવનો સમય લીધો. બપોરે ૨:૩૦ વાગ્યે ગુરુદેવ ઠાકોરજી જમાડવા પધાર્યા. જમાડતાં જમાડતાં પૂ. સંતોને લાભ આપતાં કહ્યું, “સંતો, ભલે એ જમાડીને આવ્યા પણ આપણે તેઓને જમાડીને મળવાનું કહીએ તો ‘મારું શું ?’ એ વિચાર કર્યો કહેવાય. સાધુને ‘મારું શું ?’ આ વિચાર જ ન જોઈએ.” પોતાને જમાડવાનું આટલું મોડું થયું તેની કોઈ પરવા નહિ પરંતુ હરિભક્તના પ્રશ્નનું સમાધાન થયું તેવી સંતોષની લાગણી અનુભવતા ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખારવિંદનાં દર્શન સાથે રહેલા સૌ કોઈ સંતોએ કર્યાં.

અન્યની તકલીફ દૂર કરવા, અન્યની સગવડ કે અન્યના સમયને સાચવવા આપણે કદી પણ સ્વનું કાંઈ ગૌણ કર્યું છે ? હા, આપણું બધું રાખીને અન્યનું સચવાય તેટલું સાચવ્યું છે. આપણે જ્યારે પરિવારને આત્મીયતાના એક તાંતણે જોડી રાખવો હશે ત્યારે સ્વયંની સગવડતા, સમયની અનુકૂળતાને ત્યજી અન્યને મહત્ત્વ આપતા થઈએ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીની દિવ્ય સાધુતાનો એક બીજો આયામ પણ નીરખવા જેવો છે. હંમેશાં અન્યની જ ચિંતા, અન્યનો જ ખ્યાલ રાખવો.

તા. ૮-૯-૨૦૧૮ ને શુક્રવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીનું બી.પી. માપવાની સેવા કરવા ડૉ. શુક્લ સાહેબ આવ્યા. તે વખતે પૂ. સંતો ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન કરવા પધાર્યા. તેમાં વાસણા ખાતે એક પૂ. સંતનું સ્વાસ્થ્ય થોડું નાદુરસ્ત રહેતું હતું. જે વાતથી ગુરુદેવ પ.પૂ. બાપજી વાકેફ હતા. તે સંતને જોતાં તરત જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ડૉ. શુક્લ સાહેબને કહ્યું, “અમારા આ સ્વામીનું બી.પી. માપો. હમણાંથી બીમાર બહુ રહે છે. જુઓને એમને કોઈ તકલીફ તો નથી ને ?” ગુરુદેવ પ.પૂ. બાપજીએ સ્વની સ્પૃહા છોડી પોતાના સંતની કેવી દેખભાળ કરી !!

આપણે તો કેટલા સ્વાર્થી હોઈએ કે આપણી સરભરામાં કદી કોઈનો વિચાર જ ન આવે. તો કોઈને સ્થાન તો મળે જ ક્યાંથી ? પણ હવે પરિવારના સભ્યોની સાથે આત્મીયતાથી રહેવા સૌનો વિચાર કરતા થઈએ.

•••

તા. ૨૫-૮-૨૦૧૮ ને શનિવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજીની દંત ટ્રીટમૅન્ટ કરવા ડૉ. હેમલભાઈ શાહ આવેલા. ટ્રીટમૅન્ટ શરૂ કરતા પૂર્વે ગુરુદેવ પ.પૂ. બાપજીએ ડૉ. હેમલભાઈને તેઓના સ્વાસ્થ્ય અંગે પૂછ્યું, “તમને કમરનો અને પેટનો દુખાવો થતો હતો તે હવે કેવું છે ? સારું થયું ?”

ડૉ. હેમલભાઈએ આશ્ચર્યવત્ પ્રતિઉત્તર આપતાં કહ્યું, “બાપજી, આપની દયાથી કમર અને પેટનો દુખાવો તો ક્યારનોય મટી ગયો છે.” ટ્રીટમૅન્ટ પૂર્ણ કરી રૂમની બહાર નીકળી તેઓએ

**‘મારું શું ?’ એ વિચાર સંતતાની વિભાવનાથી વિપરીત છે.**

અહોભાવ વ્યક્ત કરતાં સેવક સંતને કહ્યું, ''સ્વામીજી, ઘણા સમય પહેલાંની મને તકલીફ થયેલી તે આજના દિવસ સુધી પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્મૃતિપટ પરથી ભુંસાઈ નથી. મારા જેવી અલ્પ સાંનિધ્યમાં આવતી વ્યક્તિનો પણ તેઓ આટલો ખ્યાલ રાખે છે તો તમે બધા સંતો-હરિભક્તો કે જે તેઓના આશરે રહ્યા છો તેમની તેઓ કેટલી ચિંતા રાખતા હશે ! ખરેખર ગુરુદેવ પ.પૂ. બાપજી અદ્‌ભુત સ્વરૂપ છે.''

ગુરુદેવ પ.પૂ. બાપજીએ ફક્ત નિજાશ્રિતની નહિ પણ સ્વયંના અલ્પ સંપર્કમાં આવેલા કોઈ પણના દેહની તથા આત્માની ચિંતા રાખી છે. તેમ આપણે સૌની નહિ પણ જે આપણી આસપાસ રહે છે તેવા આપણા સ્નેહીજનો, મિત્રવર્તુળ તથા સત્સંગી બંધુઓની ચિંતા કરતા થઈએ. તેઓના સ્વાસ્થ્યનો, તેઓના ભાવિ આયોજનનો, સગવડ-વ્યવસ્થાનો વિચાર કરીએ, તે પ્રમાણે તેઓની જરૂરિયાતોને સંતોષીએ. આ ક્યારે થશે ? તો, સ્વકૂંડાળું છોડી અન્યના સ્થાને બેસીશું તો જ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીએ જીવન પર્યંત પોતાના અવરભાવ કરતાં અન્યના ભાવને, અન્યની લાગણીઓને પોષી છે.

એક સંતને એવો ઉત્સાહ રહેતો કે, 'બાપજી મારા બનાવેલાં દાળવડાં જમાડે તો સારું.' તેથી તા. ૨૯-૬-૨૦૧૮ ને શુક્રવારના રોજ પૂ. સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ''દયાળુ, આજે ઠાકોરજીના થાળમાં ગલગોટાં બનાવીએ ?'' (ગુરુદેવ પ.પૂ. બાપજી દાળવડાંને ગલગોટાં કહેતા.) આમ તો સળંગ બે બે, ત્રણ ત્રણ મહિના સુધી નિઃસ્વાદી સ્વરૂપ ગુરુદેવ માત્ર પૂડલા, ખીચું, ખીચડી જેવી કોઈ એક જ વસ્તુ ગ્રહણ કરતા પરંતુ પૂ. સંતની લાગણી પોષવા કહ્યું, ''કરો ઠાકોરજી માટે ગલગોટાં.''

પૂ. સંતે ઉત્સાહમાં આવી ગલગોટાં બનાવવા શરૂ કર્યાં પરંતુ ઘણા પ્રયત્ન પછી પણ ગલગોટાં કાચાં રહે. બરાબર બને નહીં. તેથી બપોરે સેવક સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીને પત્તરમાં ગલગોટાં ન પીરસ્યાં. ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ''સ્વામી, ગલગોટાં લાવો તો ખરા.'' ત્યારે સંતે હાથ જોડી કહ્યું, ''બાપજી, ગલગોટાં બરાબર બન્યાં નથી. આપને આપીશ તો આપને ઉદરમાં તકલીફ પડશે.'' ત્યારે પૂ. સંતને રાજી કરવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, ''લાવો, લાવો જોઈએ કેવાં છે ?'' સંતે સારાં ગલગોટાં શોધી તેમાંથી બે નંગ પીરસ્યાં. ગુરુદેવે તે સંતનો પ્રેમ પોષવા રાજી થકા કાચાં ગલગોટાં જમાડ્યાં અને બોલ્યા, ''આ તો પ્રેમનાં ગલગોટાં છે. કાચાં હોય તોય મહારાજ જમી લે.''

પૂ. સંતનો પ્રેમ ગુરુદેવ પ.પૂ. બાપજીએ પોષ્યો ત્યારે પૂ. સંત ગદ્‌ગદિત થઈ ગયા કે, 'મારા ગુરુ બાપજી કેવું અદ્‌ભુત સ્વરૂપ છે !! સ્વના સ્વાસ્થ્યની અવહેલના કરી મારી કાચી-પાકી રસોઈને સ્વીકારી. તેમને મન રસોઈ કરતાં પણ અમ સંતોના પ્રેમનું સ્થાન અધિક છે.' ગુરુદેવની દૃષ્ટિ પૂ. સંતના પ્રેમ સામે હતી. તેમ આપણે પણ અન્યના પ્રેમને, લાગણીને પોષીએ પણ કદી તેમના ભાવને ઠેસ ન પહોંચાડીએ.

•••

ગુરુદેવ પ.પૂ. બાપજીની જેમ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પણ હંમેશાં અન્યનો જ વિચાર કર્યો છે. તેથી જ તેઓના સંપર્કમાં આવેલા નાનામાં નાના બાળકને પણ તેઓ પોતીકા લાગ્યા છે.


તા. ૨૨-૧૦-૨૦૧૮ ને સોમવારના રોજ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી મહેસાણા વિચરણ પૂર્ણ કરી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર પધારી રહ્યા હતા. તે દિવસે ચિલોડા એક પધરામણી માટેનું આયોજન હતું. સ્વામિનારાયણ ધામ પધારી ફરીથી ચિલોડા જવાનું થાય તો ગુરુજીનો સમય બગડે. તેથી પૂ. સંતો અગાઉથી આયોજન મુજબ સ્વામિનારાયણ ધામથી ગાડી લઈ ઇન્દ્રોડા સર્કલે પહોંચી ગયા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ગાડી પણ ત્યાં પહોંચી. પૂ. સંતો પોતાની ગાડીમાંથી ઊતરી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ગાડીમાં બેસવા જતા હતા; તે પૂર્વે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સામેથી પોતાની ગાડીમાંથી ઊતરી ગયા અને સંતો જે ગાડી લઈને આવ્યા હતા તે ગાડીમાં બેસવા પધાર્યા.

પૂ. સંતોએ પ્રાર્થના કરી કે, ''દયાળુ, આપને તકલીફ પડશે.'' ત્યારે અતિ દયાળુ સ્વરૂપ જેઓ હંમેશાં અન્યના જ સ્થાને બેસવા ટેવાયેલા છે તેવા ગુરુજી સ્વામીશ્રીએ કહ્યું, ''મારા લીધે બધાને હેરાન થવું પડશે, બધાયને ગાડી બદલવી પડશે. અમારી સાથે આવેલા મુક્તોને ઘરે જવાનું છે માટે અમે જ તમારી ગાડીમાં આવી જઈએ.''

આમ કહી પૂ. સંતોની ગાડીમાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બિરાજી પધરામણી માટે પધાર્યા.

આ બંને દિવ્ય સ્વરૂપોની કેવી પરભાવી મોટપ !! અવર્ણનીય અને અકલ્પનીય. સત્પુરુષ હોવા છતાંય હંમેશાં અન્યમાં જ સ્વસુખને સમાવીને વર્ત્યા છે. તો તેઓના આદર્શ શિષ્ય થવા આપણે પણ તેઓના આ ચીલે કેમ ચાલી ન શકીએ !! આજ સુધી આપણે સ્વકૂંડાળામાં જ રાચ્યા છીએ. અન્યની શું જરૂરિયાત છે ? અન્યને સ્વ થકી શું તકલીફ પડે છે ? અન્યની સગવડ-વ્યવસ્થાનો કદી ખ્યાલ કર્યો નથી. અન્યના ભોજન-આરામનો પણ ખ્યાલ કર્યો નથી તો અન્યની લાગણીઓ સામે તો દૃષ્ટિ કરી જ ક્યાંથી હોય ?

તો ચાલો, આજે આપણે દૃઢ સંકલ્પ કરીએ કે સ્વકૂંડાળું છોડી અન્યનો વિચાર કરીએ. અન્યના સ્થાને બેસીએ, અન્યની અગવડ-સગવડ વિષે વિચારીએ અને અન્યની લાગણીઓને સંતોષીએ તો મહારાજ કૃપા કરી આપણને આજ દિન સુધી નહિ અનુભવેલા આનંદનો અનુભવ કરાવશે. એ દિવ્યાનંદને જરા ચાખીએ તો ખરા.



# ગુણવાન થકા ગુણગ્રાહક

**શરણાગત પાપ પર્વતમ્, ગણયિત્વા ન તદિય સદ્‌ગુણમ્ ।**
**અણુમપ્યતુલં હિ મન્યતે, સહજાનંદ ગુરું ભજે સદા ॥**

શરણે આવેલ પાપનો પર્વત હોય તોપણ તેના દુર્ગુણોને નહિ ગણી, તેને વિષે રહેલા અલ્પ એવા સદ્‌ગુણને મોટા મેરુ તુલ્ય માને છે એવા સહજાનંદ સ્વામી ગુરુને હું સદાય ભજું છું.

દિનાનાથ ભટ્ટે શ્રીહરિની નિકટ રહી તેઓની સ્વાભાવિક રુચિનું સાદૃશ્ય વર્ણન આ શ્લોકમાં કર્યું છે. આપણા જીવનપ્રાણ બાપાશ્રી પણ કહેતા, ‘‘અવગુણવાળો જીવ હોય પણ તેમાં કાંઈક ગુણ હોય ખરો. તે ગુણ આપણે લેવો પણ અવગુણ લેવો નહીં.’’ મેરુ જેવા અવગુણોને પણ સદૈવ ત્યાગ કરી જીવના નાના સરખા અલ્પ ગુણને પણ ગ્રહણ કરવાની શ્રીહરિની સ્વાભાવિક રુચિનાં દર્શન ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીમાં થાય છે. જેઓ રાગ-દ્વેષથી પર હોય, જેઓની દૃષ્ટિ સર્વ જીવ-પ્રાણીમાત્ર પરત્વે સમાન હોય તે જ ગુણગ્રાહકતાના દિવ્ય ગુણને ધારી શકે.

એક વખત એક સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રશ્ન પૂછ્યો, ‘‘બાપજી, આપ તો અમારા બધા સંતો-હરિભક્તોનું બધું જ જાણો છો. અમારી નાનામાં નાની કસર-કુટેવ, અમારામાં રહેલા મહારાજને ન ગમે એવા સ્વભાવ આ બધાની આપને ખબર છે. એટલું જ નહિ, પૂર્વે પણ અમે કેટલીય ભૂલો કરી હશે !! આપ તો અંતર્યામીપણે બધું જ જાણો છો, છતાં પણ આપ અમને કેવી રીતે નિભાવી શકો છો ? કેવી રીતે ગળે લગાડી પ્રેમ ને વાત્સલ્ય આપી શકો છો ? અમે તો કોઈની નાનીસરખી ભૂલ પણ સહન નથી કરી શકતા.’’

ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ એ સંતને એટલું જ કહ્યું કે, ‘‘ભલે કોઈનામાં ગમે તેટલા સ્વભાવ હોય, કોઈની ગમે તેટલી કસર હોય, કુટેવો હોય, કોઈનાથી ગમે તેટલી ભૂલો થઈ હોય પરંતુ જીવ તો ભૂલેલો જ છે. દેહ રૂપે વર્તાય ત્યાં સુધી ભૂલો રહેવાની જ. આ વિચારે ક્યારેય એની ભૂલો કે કસર સામું જોતા જ નથી. બસ, એ ગમે તેવો હોય તોપણ એને મહારાજ લાવ્યા છે ને ! મહારાજના આશ્રિત થયા છે ને !! વળી એને શ્રીજીમહારાજના સ્વરૂપની નિષ્ઠા તો દૃઢ છે ને ! એ જ એનો સૌથી મોટો ગુણ છે.’’

જરા સ્વયંને આ સ્થાને મૂકીએ તો ખરા ! ગુરુદેવ પ.પૂ. બાપજીની વિશાળતા આગળ આપણે કેટલા વામણાં છીએ ! તેઓ અવગુણોના ઢગમાંથી એક સામાન્ય ગુણને શોધી ગ્રહણ કરે અને આપણે અવગુણોને જ શોધીએ. એટલે જ તેઓ દિવ્યાનંદમાં રાચે છે અને આપણે ઉદ્વેગ-અશાંતિમાં ડૂબેલા રહીએ છીએ.

• • •

તા. ૧૫-૭-૨૦૧૮ ને રવિવારના રોજ ગુરુદેવ પ.પૂ. બાપજી વાસણા ખાતે વ્હિલચૅરમાં બિરાજી પ્રદક્ષિણા કરતાં કરતાં સૌ હરિભક્તોને સુખિયા કરી રહ્યા હતા. તે સમયે એક હરિભક્તે આવી ગુરુદેવ પ.પૂ. બાપજીને પ્રાર્થના કરી, ‘‘બાપજી ! અમારી જમીન ગામના ગુંડાઓએ લઈ લીધી છે, તે જમીન છૂટી થાય તેવી કૃપા કરો ને.’’ ગુરુદેવ પ.પૂ. બાપજી એટલું જ બોલ્યા, ‘‘મહારાજની મરજી હશે તેમ થશે.’’ પ્રદક્ષિણા પૂર્ણ કરીને ગુરુદેવ પ.પૂ. બાપજી આસને પધાર્યા ત્યારે સેવક સંતને કહ્યું, ‘‘પેલા હરિભક્ત આવ્યા હતા તે સારા નથી. મહારાજ રાજી થાય એવું તેમનું જીવન નથી. તો મહારાજ તેમની પ્રાર્થના ક્યાંથી સાંભળે ? પણ છતાંય આપણે મહારાજને પ્રાર્થના કરીએ કે, ‘જેવો તેવો તોય પુત્ર તમારો, અણસમજુ અહંકારી રે...’ મહારાજ, એ હરિભક્ત જેવો તેવો તોય તમારો સત્સંગી છે ને, તમારો દીકરો છે ને, મહારાજ એમની પ્રાર્થના સાંભળજો.’’

શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણના ૫૩માં કહ્યું છે તે મુજબ જેમ હથેળીમાં જળનું ટીપું દેખાય તેમ મોટાપુરુષ તો અનંતકોટિ બ્રહ્માંડોના જીવોને જોવા સામર્થ્યવાન છે. છતાંય આપણા દોષો-સ્વભાવોને ભૂલી જાય, બદલામાં કૃપા જ વહાવે. જ્યારે આપણે સામેના મુક્તમાં સો ગુણ હોય પણ કોઈક સ્વાભાવિક ઉપલક પ્રકૃતિને જોઈને અવગુણ લઈએ, પૂર્વાગ્રહની ગાંઠો બાંધીએ, પરિણામે રોજબરોજના વ્યવહારમાં નર્યા ક્લેશ, ઉદ્વેગ, અશાંતિ જ રહ્યા કરે. પરંતુ આપણે પણ અન્યની ઉપલક સ્વભાવ-પ્રકૃતિને નજરઅંદાજ કરતા થઈએ તો અંતરમાં કાયમી સુખનું સામ્રાજ્ય સ્થપાયેલું રહે.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીએ નિજશરણે આવેલાના અવગુણો તરફ દૃષ્ટિ સુધ્ધાં કરી નથી. સામે સંતો-હરિભક્તોના અલ્પ સરખા ગુણને પણ પોતાની નોંધપોથીમાં ટાંક્યા વગર રહ્યા નથી.

જુલાઈ, ૨૦૧૮ના એક દિવસે સાંજે એક પૂ. સંત ઠાકોરજીના થાળ બનાવી મહારાજ સમક્ષ બેસી ઊંચા સાદે, આનંદથી ડોલતાં ડોલતાં કીર્તનગાન કરી રહ્યા હતા : ‘જનમ સુધાર્યો રે હો મારો...’ કીર્તનના શબ્દો ગુરુદેવના કર્ણપટ પર

ગુણભાનમાં ન રહેવું પણ ગુણગ્રાહક થવું.

પડ્યા. અંતરથી આ સંત પર ખૂબ રાજી થયા. થોડી વારે વ્હિલચૅરમાં પ્રદક્ષિણા કરાવનાર સંતને કહ્યું, “આ સ્વામી કેવા અલમસ્ત થઈને આનંદમાં કીર્તન ગાય છે ! મહારાજ તેમની ઉપર કેવા રાજી થતા હશે !!”

થોડું આંતરમંથન કરીએ તો જણાય કે આપણી આસપાસ વસતા મુક્તો તો કેટલા ગુણસભર છે !! પરંતુ કદી તેઓના ગુણ તરફ આપણી દૃષ્ટિ પહોંચતી જ નથી. જો દરેક મુક્તમાંથી એક એક ગુણ ગ્રહણ કરીએ તોય આપણે ગુણોથી ઊભરાઈ જઈએ.

• • •

ગુરુદેવ પ.પૂ. બાપજીની ગુણગ્રાહક દૃષ્ટિ માત્ર પોતાના આશ્રિત સંતો-હરિભક્તો પૂરતી સીમિત નહોતી પરંતુ અન્યત્ર ક્યાંયથી સારું દેખાય તોપણ તેને સ્વીકારવાની ઉદાત્ત ભાવના ગુરુદેવના જીવનમાં સહેજે પડઘાતી.

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી એક હરિભક્તને ત્યાં એમની કંપનીમાં પધરામણી માટે પધારેલા. કંપની ખૂબ જ વિશાળ હતી. કંપનીમાં આશરે ૧૨૩થી વધુ સભ્યો કાર્યરત હતા. આરતી-પૂજન બાદ ગુરુદેવ પ.પૂ. બાપજીએ હરિભક્ત તથા તેઓના સ્ટાફ સભ્યોને સત્સંગ કરાવ્યો. સત્સંગ પૂર્ણ થયા બાદ હરિભક્ત ગુરુદેવ પ.પૂ. બાપજી આગળ કંપનીના વ્યવસ્થાપન, કાર્યપદ્ધતિ તથા ભાવિ આયોજનોનો ચિતાર રજૂ કરવા લાગ્યા. ગુરુદેવ પ.પૂ. બાપજીને કંપનીની વ્યવસ્થા, પદ્ધતિ ગમ્યાં એટલે તરત પૂ. સંતોને પ્રેરણા કરતાં બોલ્યા, “સંતો, આમની કંપનીમાં વ્યવસ્થાપન બહુ જ સારું છે હોં ! હજુ આમની પાસેથી વિશેષ બાબતોને જાણી લેજો. એમની સારી બાબતો આપણા મંદિરોમાં તથા વહીવટી વિભાગોમાં અમલમાં મૂકજો.” અવરભાવની રીતે આપણે સર્વોચ્ચ પદે બેઠા હોય તો આપણને અન્યની બાબત સારી લાગે ખરી !! જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજી સંપૂર્ણ પરભાવી સ્વરૂપ, અવરભાવમાં સંસ્થાના સર્વોચ્ચ પદે બિરાજ્યા છતાં કેવા ગુણગ્રાહક છે ! તેઓના જીવનમાંથી પ્રેરણા લઈ આપણે પણ સૌમાંથી ગુણ લઈ ગુણગ્રાહક થઈએ.

• • •

ગુરુદેવની જેમ ગુરુજીની પણ ગુણગ્રાહકતા ખૂબ વિશાળ છે. સંસ્થાના વિકાસમાં કોઈ નાનામાં નાના મુક્તના સૂચનોને પણ સ્વીકારવા એ ગુરુજીની સ્વાભાવિક જીવનશૈલીમાં વણાયેલું છે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કાયમ સંતોને શીખવે કે, “સંતો ! હંમેશાં આપણે એક રીત શીખવી કે, અન્યનું સારું આયોજન, સારી રીતભાત, સારી પદ્ધતિઓને સ્વીકારતા શીખવી, ગુણગ્રાહક બનવું. આપણા કારણ સત્સંગના જ્ઞાન, સિદ્ધાંતોમાં બાંધછોડ કર્યા વગર અન્યની સારી બાબતોને સ્વીકારવામાં આપણને કોઈ જ વાંધો ન હોવો જોઈએ.”

એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વિચરણ અર્થે કોઈક શહેરમાં પધારતા હતા. રસ્તામાં અન્ય સંસ્થાનું સ્વામિનારાયણ મંદિર આવ્યું. તેથી ગુરુદેવ પ.પૂ. બાપજીએ તે મંદિરે દર્શન કરવા જવાની રુચિ જણાવી. ગુરુદેવ અને ગુરુજી સંતમંડળે સહિત દર્શન કરવા પધાર્યા ત્યારે મંદિરમાં સંતો-હરિભક્તો સદ્. નિષ્કુળાનંદ સ્વામી રચિત હરિસ્મૃતિના પદનું ગાન કરી રહ્યા હતા. કીર્તનગાનથી મંદિરનું વાતાવરણ ખૂબ દિવ્ય અને ભક્તિમય લાગતું હતું. તેથી બંને દિવ્યપુરુષ ખૂબ રાજી થયા. દર્શન કરી પરત ગાડીમાં પધારતી વેળાએ ગુરુદેવ પ.પૂ. બાપજીએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું, “પ્રાતઃ સમયે આ સંતો-ભક્તો મહારાજના મહિમાનું ગાન કરતા હોય તે જોઈ આપણે રાજી થયા તો મહારાજ કેટલા રાજી થતા હશે !”

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ એ જ વખતે ગુરુદેવ પ.પૂ. બાપજીને વાત કરી, “દયાળુ, આપ રાજી હોય તો આપણા મંદિરોમાં પણ આવું કંઈક કરાવીએ ?” ગુરુદેવ પ.પૂ. બાપજીએ કહ્યું, “સ્વામી, તો તો બહુ સારું. મહારાજ ખૂબ રાજી થાય.” સ્વામિનારાયણ ધામ પરત પધારી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ પૂ. સંતો સાથેની ગોષ્ઠિમાં આ પ્રસંગ જણાવ્યો અને તેમાંથી સંસ્થામાં સમૂહગાનની પ્રણાલિકાનો પ્રાદુર્ભાવ થયો. એ વખતે જે વર્ષ ઊજવાય તેની પુષ્ટિ માટેનાં કીર્તન કે પ્રાર્થના સમૂહગાન તરીકે **SMVS**ના તમામ મંદિરોમાં પ્રાતઃ સમયે શરૂ કરવામાં આવ્યાં.

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બંને દિવ્ય સ્વરૂપ સર્વાંગ પૂર્ણ છે. અવરભાવ અને પરભાવ બંનેમાં પાવરધા છતાંય પોતાની બધી જ સામર્થી ઢાંકીને કોઈના અલ્પ સરખા ગુણને પણ ગ્રહણ કરવા તે જ તેઓની પરભાવી મોટ્યપ છે. આપણે પણ તેઓના શિષ્ય થઈ તેઓના ચીલે ચાલીએ. દૃષ્ટિએ ચડે તે હર કોઈ મુક્ત આપણાથી તો અધિક જ છે. તો તેઓના ગુણ જોતાં-લેતાં શીખીએ પણ એ ક્યારે થશે ? તો પોતાના ગુણોનું ભાન છોડી ગુણગ્રાહક બનીશું તો જ...!! ગુણગ્રાહક બનીશું તો મહારાજ ને મોટાનો આપણો પરિવાર સુખી પરિવાર કરવાનો સંકલ્પ સહેજે પૂર્ણ થઈ જશે.



રાગ-દ્વેષથી પરનું વ્યક્તિત્વ યથાર્થ રૂપમાં ગુણગ્રાહક બની શકે.



# સમર્થ થકા
# કરે સૌનો આદર

આદરભાવ, પૂજ્યભાવ અને દિવ્યભાવનો ત્રિગુણાત્મક સમન્વય એ ગુરુદેવ પ.પૂ. બાપજીની ઝળહળતી સાધુતાનું અસાધારણ પ્રતિબિંબ છે.

આદરભાવ એટલે અન્ય પ્રત્યે સન્માનભાવ કે માનની લાગણી.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું નિત્ય જીવન આદરભાવનાની ઉચ્ચતર કક્ષાને પ્રતિબિંબિત કરે છે. તેઓનો મહારાજ પ્રતિ આદરભાવ અવર્ણનીય, અકલ્પ્ય !!

જેઓ નિરંતર શ્રીહરિની મૂર્તિમાં રહેનારું સલૂણું સ્વરૂપ ! છતાં અવરભાવમાં ગાડીમાં બિરાજે ત્યારે ગાડીમાં નાની એવી પ્રતિમા સ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ હોય તેના તરફ તેઓ તુરત બે હસ્ત જોડી સન્માનભાવ દાખવે !

પ્રાર્થના ચાલુ થાય એટલે જ્યાં ઊભા હોય ત્યાં જ બે હસ્ત જોડી પ્રાર્થનાની અદબમાં આવી જાય. એટલું જ નહિ, દરેક કાર્યમાં મહારાજને મુખ્ય રાખી આગળ કરે.

તેઓનો ગુરુ મુનિસ્વામી પ્રત્યેનો દિવ્યભાવ સોતો આદરભાવ સાધનિકમાત્રને અત્યંત પ્રેરણાદાયી રહ્યો.

"સદ્. મુનિસ્વામી બહુ મોટા છે. જાવ, તમે ત્યાં જઈ વર્તમાન ધરાવી લ્યો." પોતે સમર્થ હોવા છતાં ગુરુની આગળ ન્યૂનભાવે વર્તી હરહંમેશ ગુરુ મુનિસ્વામીને જ યશ આપ્યો છે. પોતે સંસ્થાનું દાખડા કરી શૂન્યમાંથી સર્જન કર્યું. સંતો-હરિભક્તોનો સમાજ ઊભો પોતે કર્યો છતાં એ દિવ્યપુરુષ એમ કહેતા હોય છે, "આ બધી લીલી વાડી છે એ બધું મુનિબાપાને લઈને છે. તેમનો રાજીપો ને તેમના આશીર્વાદ છે."

પોતાથી મોટા હોય તેમનો આદરભાવ તો રહે પરંતુ પોતાના આધ્યાત્મિક અનુગામી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેઓ શિષ્યભાવે વર્તતા હોવા છતાં તેમનો માત્ર આદર જ રાખ્યો નથી પરંતુ આદર પોતાથી સવાયો વધાર્યો છે. આજ સુધીની અધ્યાત્મ પરંપરામાં ગુરુ હોય ત્યાં સુધી શિષ્યનો મહિમા એટલો હોય નહિ એવું જ ચાલ્યું આવ્યું છે અને એવું જ દુનિયાની દૃષ્ટિએ હોય. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સર્વોપરી શુદ્ધ ઉપાસના પ્રવર્તનની ક્રાંતિ સંપ્રદાયમાં કરી છે તેમ દાસત્વપણાની ક્રાંતિ પણ અનોખી કરી છે. પોતાની અવરભાવની હાજરીમાં જ પોતાના શિષ્યભાવે વર્તતા પૂ. સંતો અને સમર્પિત મુક્તોને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો મહિમા કરાવતાં ગુરુદેવ પ.પૂ. બાપજી કહેતા કે, "તમારે આ સ્વામીને રાજી કરવાનું તાન રાખવું. એના જેવા ગુણો શીખવાનો આગ્રહ સેવવો. એની સાથે આગવું હેત કરવું. એના ચરણ પકડી લેવા તો તમને મૂર્તિનું સુખ સહેજે આપશે."

પોતાના મુખે પોતા કરતાં અધિક મહિમા પોતાના અનુગામી શિષ્યનો કરાવવો એ ગુરુદેવ પ.પૂ. બાપજીનો ન ભૂતો ન ભવિષ્યતિ આદરભાવ છે. આવો આદરભાવ સંસ્થાના પ્રારંભકાળથી જ ગુરુદેવ પ.પૂ. બાપજીએ સૌ સંતો-હરિભક્તોને કેળવાવ્યો છે.

સંસ્થાના વરિષ્ઠ સંતે પોતાના સ્વાનુભવ પ્રસંગે ગુરુદેવ પ.પૂ. બાપજીની આદરભાવની પરાકાષ્ઠાને વર્ણવતાં એક પ્રસંગની સ્મૃતિ તાજી કરતાં કહ્યું હતું કે, સંસ્થાના આદ્યગુરુ હોવા છતાં સંતો-હરિભક્તોને પ્રથમથી જ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી માટે આદરભાવ-પૂજ્યભાવ અને દિવ્યભાવની દૃઢતા કરાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીએ વર્ષો પહેલાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને 'સ્વામી'ના બદલે 'સ્વામીશ્રી'ના સંબોધનથી બોલાવવાની સૌને આજ્ઞા કરી સૌના હૃદયમાં ગુરુજી પ્રત્યેનો પૂજ્યભાવ વધારી દીધો હતો.

ઈ.સ. ૧૯૮૯માં શીલજ ખાતે સાત-દિવસીય બાળ-યુવક શિબિરનું આયોજન થયું હતું. જેમાં ગુરુદેવ પ.પૂ. બાપજી શિબિરમાં લાભ આપવા પધાર્યા હતા. ત્યારે એક દિવસ આ સેવકને પોતાના અંતરના અભિપ્રાયની વાત કરતાં ગુરુદેવે કહ્યું કે, "સ્વામી, તમે બધાય સ્વામી અને આ સતસ્વામીનેય તમે સ્વામીના સંબોધનથી બોલાવો છો. તો તમારામાં ને એનામાં ફેર શું રહ્યો ? સ્વામીને તો મહારાજે એમના સંકલ્પથી આ બ્રહ્માંડમાં મોકલ્યા છે. માટે આજથી બધાએ સ્વામીને 'સ્વામીશ્રી' કહીને બોલાવવા." ત્યારથી સંસ્થામાં સૌએ 'પ.પૂ. સ્વામીશ્રી' નામને પૂજ્યભાવથી વધાવી લીધું. કેવી ગુરુદેવની અહમ્‌શૂન્યતા ! દાસત્વભાવ ! કે પોતાની હયાતીમાં, પોતાના શિષ્ય માટે પોતે માનવાચક સંબોધન આપી તેમનો આદરભાવ, પૂજ્યભાવ, દિવ્યભાવ સમગ્ર સમાજને કરાવવાનો આગ્રહ.

આ પ્રસંગ પરથી આપણે પણ પ્રેરણા લઈએ કે સેન્ટરમાં પૂ. વડીલ સંતો, પૂ. સંતો કે વડીલ હરિભક્તો પ્રત્યે સૌએ આદરભાવ રાખવો અને સૌની પાસે રખાવવાનો પ્રયાસ કરવો. ઘર-પરિવારમાં માતાપિતા-વડીલોનો આદરભાવ-મર્યાદા જાળવીએ. પણ ઘરના કોઈ સભ્યો સાથે તું-તારી ન કરવી જોઈએ. એ જ ઘર-પરિવારની શોભા અને સંસ્કાર છે.

●●●

એક સેવક સંતે ગુરુદેવ પ.પૂ. બાપજીના આદરભાવની નોંધ કરતાં પોતાની ડાયરીમાં લખ્યું છે કે, એક વખત ગુરુદેવ પ.પૂ. બાપજીએ સેવકને વિનંતીના રૂપે કહ્યું, "સ્વામી, ઘૂંટડો પાણી મળશે ?" આહાહા !! એ દિવ્યપુરુષ મારા ગુરુસ્થાને છે. ક્યાં એ અને ક્યાં હું ? તેઓએ મને આજ્ઞા જ કરવાની હોય કે સ્વામી પાણી લાવો. પણ એ મને દાસત્વભાવે અરજ કરે છે. આ



ગરીબ સ્વભાવવાળા સંતો-ભક્તો એ સંસ્થાની સમૃદ્ધિ છે.

જ તેઓના આદરભાવની ચરમસીમા છે.

●●●

વાસણાના એક વડીલ હરિભક્ત પોતાનો સ્વાનુભવ કહે છે કે, મને પગની તકલીફ થઈ ગઈ હતી. એ અરસામાં સેવક ગુરુદેવ પ.પૂ. બાપજીના નિકટ દર્શન માટે ગયો હતો. મને જોતાં ગુરુદેવે કહ્યું, ''ભગત, સીડી ઊતરીને ન જતા; લિફ્ટમાં જજો.'' મેં ના કહી તો ગુરુદેવ બોલ્યા, ''ભગત, જો તમે સીડી ઊતરીને જશો તો આજ પછી અમે પણ સીડી ઊતરીને જ જઈશું ને આવીશું.'' ગુરુદેવના આવા આદરભાવથી મારું તો એ દિવ્ય ગુરુના ચરણોમાં મસ્તક ઝૂકી ગયું. આપણે ઘર-પરિવાર કે મંદિરમાં અશક્ત વડીલોની ચિંતા કરી તેમના પ્રત્યે આદરભાવ દાખવી શકીએ છીએ?

●●●

નાના-મોટા સંતો-હરિભક્તો પ્રત્યેની આદરભાવનાનું રહસ્યમય કારણ હતું – સૌમાં થતાં શ્રીહરિનાં સહજભાવે દર્શન. અવરભાવમાં છેલ્લે છેલ્લે ગુરુદેવ પ.પૂ. બાપજી સ્વામિનારાયણ ધામ માસિક સમૈયામાં આશીર્વાદ આપવા અચૂક પધારતા. સૌને અહોભાવ થતો કે ગુરુદેવ પ.પૂ. બાપજી અમને દર્શનનું સુખ આપવા પધાર્યા. પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજી હસ્તમાં માઈક લઈ એક જ વાક્ય બોલતા, ''સંતો-હરિભક્તો ! અમે તો તમારાં સૌનાં દર્શન કરવા આવ્યા છીએ.'' આટલું સાંભળતાં સંતો-હરિભક્તો ગદ્ગદિત થઈ જતા કે ગુરુપદે હોવા છતાં શિષ્ય વર્ગને કહે કે અમે તમારાં દર્શન કરવા આવ્યા છીએ !? આ જ તેઓની દિવ્યભાવ સોતી આદરભાવની સર્વોત્તમ શ્રેષ્ઠ કક્ષા છે.

શું આપણે ઘર-પરિવાર કે સત્સંગમાં સંતો-હરિભક્તો કે ઘરના સભ્યોનાં મહારાજનાં સ્વરૂપો છે એ ભાવે દર્શન કરી શકીએ છીએ ? દિવ્યદૃષ્ટિથી જ પરિવારમાં અરસપરસ દિવ્યભાવનું વાતાવરણ સર્જાશે.

●●●

અન્ય પ્રત્યેના આદરભાવનું પ્રતિબિંબ તેઓના કથાપ્રસંગે બરાબર ઝિલાયું છે.

''ભગતજી, અહીં આગળ બેસો. ભગતજી, નાસ્તો કરીને આવ્યા? ભગતજી, આજે ઠીક નથી કે શું?''

''હરિભાઈને આગળ આવવા દો. આગળ બેસવા દો.''

''મુક્તરાજ આવો, પ્રસાદ લીધો ? મુક્તરાજ, રોજ દર્શને આવો છો?''

●●●

ગુરુદેવ પ.પૂ. બાપજી બોલવામાં પણ ખૂબ વિવેકી. જેવી વ્યક્તિ એ રીતે જ એને બોલાવતા, આદર આપતા.

તેઓનો આદરભાવ સોતો મૃદુ વ્યવહાર પ્રથમ વખત જ તેઓના સહવાસમાં આવનાર કોઈ પણ વ્યક્તિને સ્પર્શી જતો.

ગુરુદેવ પ.પૂ. બાપજી સૌરાષ્ટ્ર ખાતે ઉના મંદિરમાં શિલાન્યાસ પ્રોગ્રામમાં પધાર્યા હતા. શિલાન્યાસ પ્રોગ્રામના બીજા દિવસથી ત્રણ દિવસની જ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરના બીજા દિવસે પ્રાતઃ સેશનમાં ઉનાની બાજુના કંસારી ગામમાંથી એક અપરિચિત હરિભક્ત લાભ લેવા પધાર્યા. પહેલી જ મુલાકાતમાં પણ અંતર્યામીપણે ગુરુદેવ પ.પૂ. બાપજીએ તેમને નામ દઈ મીઠો આવકાર આપ્યો અને કહ્યું, ''ભગત આવો... આવો... આગળ બેસો. જુઓ, અહીં જગ્યા છે. અહીં બેસી જાવ.''

હરિભક્ત બેઠા. ત્રણ-ચાર કલાક લાભ લીધો. પહેલી વખત ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખેથી વહેતી સર્વોત્કૃષ્ટ જ્ઞાનગંગામાં હરિભક્ત ભિંજાયા. ગુરુદેવના પીએચ.ડી. જ્ઞાનમાં ગમ ન પડે છતાં ખૂબ મહિમાસભર થઈને, આનંદિત થકા લાભ લેતા હતા.

આ બધું આગળ બેઠેલા એક અગ્રેસર હરિભક્ત જોતા હતા. સેશન પૂર્ણ થયા બાદ અગ્રેસરે આ નવા હરિભક્તને પૂછ્યું, ''આપ પહેલી વખત ગુરુદેવ પ.પૂ. બાપજીનો લાભ લેવા આવ્યા છો. તમારા મુખના ભાવ એવા જણાતા હતા કે જાણે તમે બધું જ સમજી શકો છો.'' ત્યારે આ નવા હરિભક્તે કહ્યું, ''સાચું કહું તો મને તમારા ગુરુદેવની વાતોમાં કાંઈ ગમ નહોતી પડતી પણ મને તો એ જ નવાઈ લાગી કે આવડી મોટી સંસ્થાના ગુરુપદે બિરાજ્યા હોવા છતાં તેઓ કેવા સરળ ને સહજ છે કે મારા જેવા અજાણ્યા હરિભક્તને પણ કેટલા પ્રેમભાવથી બોલાવ્યા ! કેવો ભાવભીનો આવકાર આપ્યો ! જાણે મને એમનો પોતાનો કરી દીધો !!''

બસ, ગુરુદેવના આ જ ગુણથી ખેંચાયેલા હરિભક્ત સંસ્થાના ઘરધણી હરિભક્ત થઈ ગયા છે. આપણે પણ ઘરે આવેલા અતિથિ, રસ્તે જનાર અપરિચિત વ્યક્તિ કે મંદિરમાં આવેલ નવા મુમુક્ષુઓને આદર આપવો, તેમનું યથાયોગ્ય સન્માન જાળવવું. ઘર-પરિવારમાં નાના-મોટા સભ્યોનું સન્માન જાળવવું જોઈએ.

●●●

તા. ૧૭ જૂન, ૨૦૧૮નો દિવસ હતો. સંધ્યા સમયે સેવક સંત ગુરુદેવ પ.પૂ. બાપજીને વ્હિલચૅરમાં પ્રદક્ષિણા કરાવી રહ્યા હતા. એ વખતે ઘનશ્યામનગરથી બે બાળમુક્તો ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શન માટે આવ્યા. સેવક સંતે વ્હિલચૅર બાળમુક્તો

તરફ લીધી. જેવા ગુરુદેવ પ.પૂ. બાપજી બાળમુક્તોની નજીક આવ્યા કે તરત એક બાળમુક્તે ચરણસ્પર્શ કરી જય સ્વામિનારાયણ કર્યા. સાથે આવેલા બાળમુક્તને પણ કહ્યું, “એય, નમીને જય સ્વામિનારાયણ કર. બાપજી પધાર્યા !” એટલે પેલા બાળમુક્તે ચરણસ્પર્શ કરી હાથ જોડી ગુરુદેવ પ.પૂ. બાપજીને જય સ્વામિનારાયણ કર્યા.

બંને બાળમુક્તો વચ્ચે ચાલી રહેલો મીઠો વાર્તાલાપ સેવક સંતે સાંભળ્યો અને ગુરુદેવ પ.પૂ. બાપજીને જણાવ્યો. તરત આદર-મર્યાદાના પરમ આગ્રહી ગુરુદેવે કુમળી વયના નાના બાળમુક્તને શીખ આપતાં કહ્યું કે, “મુક્તરાજ, એમને ‘તું’કારે ન બોલાવાય. એ મહારાજના મુક્ત છે.” નાનામાં નાના બાળમુક્તને વિષે પણ દિવ્યભાવ સોતા આદરભાવની કેવી વિશાળતા !! આપણે પણ ઘર-પરિવારમાં બાળકોને ‘તું’કારે ન બોલાવીએ તથા તેઓને અત્યારથી જ સૌ પ્રત્યે મર્યાદા રાખવાના પાઠ શીખવીએ.

●●●

વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની સૌના પ્રત્યેની આદરભાવના પણ આપણને સૌને અત્યંત પ્રેરણાદાયી છે. તેઓની પ્રત્યેક પળ, પ્રત્યેક વ્યક્તિ સાથેની મુલાકાત આદરભાવનાના ઉમદા પાઠ શીખવે છે.

તા. ૯-૧૨-૨૦૨૨ના રોજ વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ચાંદખેડા ખાતે મહેન્દ્રભાઈ પટેલના ઘરે પધરામણી માટે પધારી રહ્યા હતા. ફ્લૅટ આગળ ગાડી આવતાં એક વૉચમૅનભાઈએ ગેટ ખોલ્યો. નીચે ઊતરી ગુરુજીએ વૉચમૅનભાઈને સહજતાથી બે હસ્ત જોડી મસ્તક નમાવી આદરપૂર્વક જય સ્વામિનારાયણ કહ્યા. તેમની સામે મંદ હાસ્ય રેલાવ્યું. ત્યાંથી ગુરુજી આગળ ફ્લૅટમાં પધરામણી માટે પધાર્યા. પધરામણીમાંથી પરત પધારતા હતા ત્યારે એક હરિભક્તે વૉચમૅનભાઈને કહ્યું, “જો આગળ ચાલે છે તે અમારા બહુ મોટા ગુરુ છે. બહુ મોટાપુરુષ છે.” તરત જ વૉચમૅનભાઈએ પ્રત્યુત્તર રૂપે કહ્યું, “એ તો મને એમનાં દર્શને જ ખ્યાલ આવી ગયો કે આ બહુ મોટા સંત છે. કારણ, અમારા જેવા નાના માણસોને કોઈ બોલાવે પણ નહિ, સામું પણ ન જુએ. જ્યારે તમારા ગુરુએ મને હાથ જોડી, માથું ઝુકાવી (મસ્તક ઝુકાવી) પ્રેમથી જય સ્વામિનારાયણ કહ્યા. નાના માણસો પ્રત્યે આવો સહજ આદરભાવ, વિવેક એ જ તેમની મહાનતાનું પ્રતીક છે.”

આપણે ક્યાંક આપણી હાથ નીચેના નાના માણસોને ધૂત્કારીએ, તિરસ્કારીએ, તેમનું જેમ તેમ બોલી અપમાન કરી નાખીએ એવું બનતું હોય છે. શું આપણે તેમને પ્રેમથી નાનું સરખું સ્મિત આપી શકીએ છીએ ? શું આપણે તેમને સમજવાનો ક્યારેય પ્રયાસ કર્યો છે ? જો ન કર્યો હોય તો આજે જ દૃઢ સંકલ્પ કરી ગુરુજીની રીતે રીત કરીએ. નાનામાં નાના માણસો પ્રત્યે પણ આદરભાવ-પ્રેમભાવ દાખવીએ.

●●●

તા. ૧૧-૬-૨૦૨૩ ને રવિવારે સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે અવરભાવમાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીને વિદ્યાભ્યાસ કરાવવાની સેવા કરનાર સાહેબ દશરથભાઈ પટેલે એક ઐતિહાસિક પ્રોગ્રામનું આયોજન કર્યું હતું. ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની સાથે અભ્યાસ કરનાર વિદ્યાર્થી ભાઈઓને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો લાભ મળે તે માટે બોલાવ્યા હતા. દશરથભાઈ સાહેબે પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન કર્યા બાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ દિવ્યવાણીનો લાભ આપ્યો હતો. લાભના પ્રારંભે જ ગુરુજીએ દશરથભાઈ સાહેબ સમક્ષ બે હસ્ત જોડી કહ્યું, “આપ મારા વડીલ છો. આદરણીય છો. આપની સમક્ષ મને આ સોફા ઉપર, ઊંચા આસન પર બેસતાં બહુ ક્ષોભ અનુભવાય છે. અજુગતું લાગે છે. પણ મને કોઈ નીચે બેસવા ન દે એટલે કમને ઉપર બેઠો છું.” તરત જ દશરથભાઈ સાહેબે કહ્યું, “આપ તો કરોડોના કલ્યાણદાતા અને અનંતના ગુરુસ્થાને છો. આપ યોગ્ય સ્થાને જ બિરાજ્યા છો. અમારું સ્થાન આપના ચરણોમાં હોય. આપ તો અલૌકિક ભણતર ભણીને જ પધાર્યા છો છતાં આજે ગૌરવથી મારી છાતી ગજ ગજ ફૂલે છે કે લૌકિક વિદ્યા શીખવવાની સેવા મને આપી.” દશરથભાઈ ગૌરવભેર ગુરુજીના મહાત્મ્યનું ગાન કરતા હતા તેમ છતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને તો દશરથભાઈનો આદરભાવ ન રાખી શક્યાનો ક્ષોભ ટળતો ન હતો.

એટલું જ નહિ, ગુરુજીની સાથે અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈઓને પણ ગુરુજીએ ખૂબ આદરથી સ્નેહસભર સત્કાર્યા. તેમની સાથે ગ્રૂપ છબી લેવાની થઈ તો ગુરુજી અલગ સોફામાં બેસવાના બદલે બધા જેવી જ ખુરશીમાં બિરાજ્યા. બધાને ખૂબ આનંદ કરાવ્યો.

ગુરુજીના આ દિવ્ય પ્રસંગ પરથી પ્રેરણા મળે કે આપણે જીવનમાં ગમે ત્યારે, ગમે તે પોસ્ટ ઉપર હોઈએ તોપણ જેના થકી બે ગુણ શીખવા મળ્યા હોય તેમનો આદરભાવ ક્યારેય ઓછો ન થવા દેવો.

અનંતના સન્માનભાવને પામેલ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી આટલા સહજતાથી સૌ કોઈને આદર આપે છે ત્યારે એમના જીવન થકી આપણે પણ પ્રેરણા મેળવી સૌનો આદર-સત્કાર કરતા થઈએ.



આદરભાવ એ આંતર કૂણાશનું પ્રતિબિંબ છે.

# મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. દિનેશભાઈ શરદચંદ્ર વર્મા, ઉંમર વર્ષ - ૮૧, સેટેલાઇટ; તા. ૨૭-૧-૨૪**
**મૂ. નિ. કિશોરભાઈ ત્રિકમલાલ મેવાડા, ઉંમર વર્ષ - ૫૫, ચાંદખેડા; તા. ૨૮-૧-૨૪**
**મૂ. નિ. બિપીનચંદ્ર હીરાલાલ પટેલ, ઉંમર વર્ષ - ૬૭, વાસણા; તા. ૩૦-૧-૨૪**
**મૂ. નિ. પ્રશેનભાઈ ભુલાભાઈ પટેલ, ઉંમર વર્ષ - ૩૦, કેનેડા; તા. ૩-૨-૨૪**
**મૂ. નિ. જ્યોતિકાબેન રાજુભાઈ અમીન, ઉંમર વર્ષ - ૬૭, નડિયાદ; તા. ૧૬-૧-૨૪**
**મૂ. નિ. સંતોકબેન પરષોત્તમભાઈ પટેલ, ઉંમર વર્ષ - ૧૦૧, ગાંધીનગર; તા. ૨૦-૧-૨૪**
**મૂ. નિ. ચંદ્રિકાબેન બળવંતભાઈ પટેલ, ઉંમર વર્ષ - ૫૬, કેનેડા; તા. ૧૬-૨-૨૪ :**

**મૂ. નિ. દાદુભાઈ મગનભાઈ પરમાર, ઉંમર વર્ષ - ૮૮, વાસણ (નળકંઠા); તા. ૧૨-૧-૨૪ :** ગુરુદેવ પ.પૂ. બાપજીની બાલ્યાવસ્થાના તેમજ સંત દીક્ષાથી લઈને તમામ પળના તેઓ સાક્ષી બન્યા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી પ્રત્યે તેઓને ખૂબ મમત્વભાવ હતો. તેઓ ગુરુદેવ તથા ગુરુજીના રાજીપાના પાત્ર હતા. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે તેમને મૂર્તિનું સુખ આપે અને સમગ્ર પરિવારને સત્સંગનું તથા સમજણનું ખૂબ ખૂબ બળ આપે.

**મૂ. નિ. જયંતિભાઈ બબાભાઈ પટેલ, ઉંમર વર્ષ - ૬૬, ઘાટલોડિયા; તા. ૧૬-૧-૨૪ :** મોટાપુરુષ અને સંતોની આજ્ઞા અધ્ધરથી ઝીલી સમગ્ર જીવન દરમ્યાન તન, મન, ધનથી સેવા કરી રાજીપાના પાત્ર બન્યા હતા. 'એનાં આપેલાં વરદાનો ખોટાં હોય નહિ' એ ન્યાયે ગુરુજીએ અગાઉથી આપેલા આશીર્વાદ મુજબ તેઓને ધામમાં તેડી જઈ મૂર્તિસુખે સુખિયા કર્યા હતા. તેઓના સમગ્ર પરિવારને આ પરિસ્થિતિ વહન કરવાનું ખૂબ ખૂબ બળ આપે તેવી મહાપ્રભુના ચરણે પ્રાર્થના.



**મૂ. નિ. રમણભાઈ મોતીભાઈ પટેલ, ઉંમર વર્ષ - ૮૨, વડોદરા; તા. ૪-૨-૨૪ :** વડોદરા સેન્ટરમાં સત્સંગની શરૂઆત તેઓના ઘરેથી થઈ હતી. ગુરુદેવ પ.પૂ. બાપજી અહીં કથાવાર્તાનો લાભ આપવા પધારતા. તેઓ જીવન દરમ્યાન મહારાજ, મોટાપુરુષ અને સંતોની તન, મન, ધનથી સેવા કરી ખૂબ રાજીપો કમાયા હતા. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના ચૈતન્યને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે તેમજ તેમના દીકરા ધીરુભાઈ, અશોકભાઈ તથા સમગ્ર પરિવારમાં સત્સંગનો વારસો જળવાઈ રહે.



**મૂ. નિ. વિરમભાઈ મોતીભાઈ પટેલિયા, ઉંમર વર્ષ - ૮૬, સગરાડા (ગોધરા); તા. ૪-૨-૨૪ :** સગરાડા ખાતે મુખ્ય સંચાલક તરીકે સેવા બજાવી રહેલા જયંતિભાઈના દાદા મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓનો સમસ્ત પરિવાર ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીના અંતરનો રાજીપો કમાયો છે. સગરાડા મંદિરના નિર્માણકાર્ય માટે તેઓના કાકા મગનભાઈ તથા સમસ્ત પરિવારે ભૂમિસેવાનો લાભ લઈ રાજીપો પ્રાપ્ત કર્યો હતો. મહાપ્રભુના ચરણે એ જ પ્રાર્થના કે તેઓના ચૈતન્યને વધુ ને વધુ મૂર્તિસુખ આપે.

**મૂ. નિ. મચાભાઈ માવજીભાઈ ગોટી, ઉંમર વર્ષ - ૮૯, ડભોલી (સુરત); તા. ૪-૨-૨૪ :** ડભોલી ખાતે કોઠારીની સેવા બજાવી રહેલા ભગવાનભાઈ ગોટીના પિતાશ્રી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓને મહારાજ તથા સત્સંગનું ખૂબ બળ હતું. સંતો પ્રત્યે ખૂબ મમત્વભાવ હતો. ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ રાજીપો કમાયા હતા. વ્હાલા ગુરુજી સુરત ખાતે પધાર્યા ત્યારે અગાઉથી મૂર્તિસુખમાં લઈ જવાના આશીર્વાદ આપ્યા હતા. એ ન્યાયે તેઓ મૂર્તિસુખે સુખિયા થયા હતા.



**મૂ. નિ. ચીમનભાઈ નાનાભાઈ પ્રજાપતિ, ઉંમર વર્ષ - ૬૧, સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર; તા. ૧૫-૨-૨૪ :** સત્સંગની શરૂઆતથી જ તેઓને ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું ખૂબ મહાત્મ્ય સમજાયું હતું. તેઓને મળેલા મહારાજ અને મોટાપુરુષનો મહિમા ગાવાનું સુંદર અંગ હતું. તેથી ગુરુજીની આજ્ઞાથી તેઓ ગ્રામ વિસ્તારોમાં સત્સંગ પ્રચાર-પ્રસાર અર્થે જતા. આમ, તેઓ ગુરુદેવ તથા ગુરુજીનો ખૂબ રાજીપો કમાયા હતા. તેઓનાં દીકરી ભક્તિનિવાસમાં સમર્પિત છે. તેઓના દીકરા જિજ્ઞેશભાઈ તથા પરિવારના સૌ સભ્યોમાં સત્સંગનો વારસો જળવાઈ રહે એવી મહાપ્રભુના ચરણે પ્રાર્થના.



**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

## ડિપાર્ટમેન્ટ ઓફ ગેસ્ટ્રો એન્ટેરોલોજી

# ડો. નિલેશ પાંડવ

MBBS, MD, DM (Gastroentrology)

**કન્સલ્ટન્ટ ગેસ્ટ્રો એન્ટેરોલૉજિસ્ટ & ઍન્ડોસ્કોપિસ્ટ**

**ઓ.પી.ડી. સમય : સોમથી શનિ ૩થી ૬**



- **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલમાં ડૉ. નિલેશ પાંડવ ગૅસ્ટ્રો એન્ટેરોલૉજિસ્ટ (MBBS, MD, DM) જે હવે ફુલટાઈમ કાર્યરત સેવા આપે છે.
- ડૉ. નિલેશ પાંડવ (ગૅસ્ટ્રો એન્ટેરોલૉજિસ્ટ) ઍન્ડોસ્કોપી, કૉલોનોસ્કોપી, ઇ.આર.સી.પી. અને લિવર ટ્રાન્સપ્લાન્ટમાં ૧૦ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.
- ઍન્ડોસ્કોપી અને કૉલોનોસ્કોપીથી થતાં તમામ ઑપરેશન જેવાં કે ઊલટીમાંથી/ઝાડામાંથી લોહી પડતું બંધ કરવું, સાંકડી અન્નનળી પહોળી કરવી, અન્નનળીમાં અને આંતરડામાં સ્ટેન્ટ બેસાડવાં જેવી સારવાર સૌથી ઓછા દરે કરવામાં આવે છે.
- લિવર ટ્રાન્સપ્લાન્ટ ઈવેલ્યૂએશન અને સ્વાદુપિંડની બીમારીઓની સારવાર પણ ગૅસ્ટ્રો ડિપાર્ટમેન્ટમાં ઉપલબ્ધ છે.

**● શું તમે નીચેનાં લક્ષણો અનુભવો છો ?**

- લાંબા ગાળાથી થતો પેટનો દુખાવો
- લાંબા સમયથી થતા ઊલટી/ઝાડા
- ખોરાક ગળવામાં તકલીફ
- લોહીની ઊલટી
- લાંબા સમયથી એસિડિટી રહેવી

**તો તમારે ઍન્ડોસ્કોપી ટેસ્ટ કરાવવાની જરૂર હોઈ શકે છે.**



## આકર્ષક એન્ડોસ્કોપી પેકેજીસ

| UPPER GI ENDOSCOPY | LOWER GI ENDOSCOPY Colonoscopy |
|---|---|
| 2999/-* | 3999/-* |


SMVS SWAMINARAYAN HOSPITAL
A Humanitarian Hospital

PATIENT SAFETY & QUALITY OF CARE NABH ACCREDITED

SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ
SMVS સ્વામિનારાયણ હોસ્પિટલ રોડ, સ્વામિનારાયણ ધામની બાજુમાં, કોબા -ગાંધીનગર હાઇવે, ગાંધીનગર - 382 007.
વધુ માહિતી માટે કોલ કરો : 63 59 77 07 25
info@smvshospital.com

Emergency Help Line : 73 73 73 39 04 / 05 I www.smvshospital.com

Follow us :




જ્યાં વિખવાદ છે ત્યાં વાદ છે, સંપ છે ત્યાં જિંદગી આબાદ છે.

## શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસનો ત્રિવેણી સંગમ... પ્રવેશ ચાલુ

### SMVS સ્વામિનારાયણ ધામ - ગુરુકુલ

ધો. ૮થી ૧૨ (ગુજરાતી/અંગ્રેજી માધ્યમ)



- ધો. ૮ અને ૯ના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓને જ પ્રવેશ મળશે.
- પ્રવેશ માટે ૬૫% હોવા ફરજિયાત છે.

પ્રવેશ ફોર્મ ઉપલબ્ધ : સંસ્થાનાં દરેક મુખ્ય સેન્ટર પરથી મળી શકશે તથા www.smvs.org વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

- પ્રવેશ ફોર્મનું વિતરણ તા. ૨૫/૦૩/૨૪

**● SMVS ગુરુકુલની વિશેષતાઓ ●**

● પવિત્ર સંતોનું દિવ્ય સાંનિધ્ય ● હાઇટેક એજ્યુકેશન ● વિશાળ વાંચનાલય ● અલગ કોચિંગ ક્લાસની વ્યવસ્થા ● વિશાળ પ્લે ગ્રાઉન્ડ ● ધો. ૧૦ અને ૧૨ માટે વેકેશન બેચનું આયોજન ● ભોજન માટે ડાઇનિંગ ટેબલની વ્યવસ્થા

અન્ય માહિતી માટે સંપર્ક :- સમય : સવારે ૯થી ૧૨ અને સાંજે ૪થી ૭ ● કાર્યાલય સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૦૪/૨૭૧

### સ્વામિનારાયણ ધામ ઇન્ટરનેશનલ સ્કૂલ



- અંગ્રેજી માધ્યમ :
  - નર્સરીથી ધો. ૧૦ સુધી (ICSE બોર્ડ)
  - નર્સરીથી ધો. ૧૨ સુધી (GSEB બોર્ડ) (કૉમર્સ/સાયન્સ)
- ગુજરાતી માધ્યમ :
  નર્સરીથી ધો. ૧૨ સુધી (કૉમર્સ/સાયન્સ)
- ટ્રાન્સપોર્ટેશન :
  અમદાવાદ, કલોલ, ગાંધીનગર, દહેગામ સુધી
- સંપર્ક : (મો.) ૯૯૭૯૮૮૪૪૭૧/૭૩ ● visit us : www.sdis.edu.in

### ગુરુદેવ પ.પૂ. બાપજી વિદ્યાસેવા સંકલ્પ સંકુલ

**SMVS સ્વામિનારાયણ ગુરુકુલ, ગોધર**
**ધો. ૮થી ૧૦ (ગુજરાતી માધ્યમ)**



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડમિશન
- ધો. ૮ અને ૯માં પ્રવેશ ચાલુ
- પૂ. સંતોનું દિવ્ય સાંનિધ્ય
- સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૦૧૮/૩૩

**SMVS સ્વામિનારાયણ ધામ ગર્લ્સ ગુરુકુલ**
**ધો. ૮થી ૧૨ (ગુજરાતી માધ્યમ)**



- પ્રવેશ પરીક્ષા દ્વારા એડમિશન
- ફક્ત ધો. ૮ માટે જ પ્રવેશ ચાલુ
- પૂ. ત્યાગી મહિલામુક્તો દ્વારા ગર્લ્સ ગુરુકુલનું સંચાલન
- સંપર્ક : +૯૧ ૯૯૨૫૨૩૭૩૮૦, ૯૬૬૨૭૫૧૩૧૭

**ભણવા, રહેવા અને જમવાની નિઃશુલ્ક સુવિધા**
**શૈક્ષણિક અનુદાન સેવામાં સહભાગી થવા SMVS સંસ્થાના સેન્ટરનો સંપર્ક કરવો.**

Ghanshyam, March-2024. Published on 10-03-2024. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/ 2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




સભા તથા પધરામણી પ્રસંગે વ્હાલા ગુરુજીનો દિવ્ય લાભ







# दिव्य निमंत्रणम्

# અનાદિમુક્ત વિશ્વમ્

## શિલાન્યાસ તથા ગુરુદેવ પ.પૂ. બાપજીનો ૯૨મો પ્રાગટ્યોત્સવ

**તારીખ :** ૨૫/૩/૨૦૨૪

**સોમવાર :** સાંજે ૪:૦૦થી ૯:૦૦



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

**સ્થળ :** અનાદિમુક્ત વિશ્વમ્

મુ. રહિયોલ કંપા, ધનસુરા-મોડાસા હાઇવે, મોડાસા, જિ. અરવલ્લી.